Gyan Amrit
ज्ञानामृत

Vol.15 - Issue 09
September 2022
Price 12/-

शुभ नवरात्रि

गणेश चतुर्थी
की हार्दिक शुभकामनाएं

શિનોરમાં ગુજરાત રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના કેબીનેટ મંત્રી ભ્રાતા પ્રદીપસિંહ પરમારને ઈશ્વરીય સૌગાત આપી નિમંત્રણ આપતાં બ્ર.કુ. ધરતીબેન.

ગોધરા ખાતે રક્ષાબંધન સ્નેહમિલનમાં રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રી ભગિની નિમિષાબેન સુથાર, લાયન્સ ક્લબ ગોધરાના પ્રમુખ રાજેશભાઈ, ગાયત્રી પરિવાર સંયોજક શિવનદાસ, બ્ર.કુ. સુરેખાબેન.

ગુજરાત સરકારના મુખ્ય સચિવ ભ્રાતા પંકજ કુમાર IAS ને આત્મસ્મૃતિનું તિલક કરતાં ઉર્જાનગર સેવાકેન્દ્રનાં બ્ર.કુ. રંજનબેન.

ચિલોડા ખાતે BSFના IG ભ્રાતા જી.એસ.મલિકને રક્ષાબંધન કર્યા બાદ ઈશ્વરીય વરદાની કાર્ડ આપતાં બ્ર.કુ. તારાબેન.

રાજકોટ અવધપુરી સેવાકેન્દ્ર ખાતે 'હર ઘર ત્રિરંગા'નો શુભારંભ કરાવતાં ગુજરાત રાજ્યના યાત્રાધામ અને પ્રવાસન મંત્રી ભ્રાતા અરવિંદભાઈ રૈયાણી, બ્ર.કુ. રેખાબેન તથા અન્ય મહાનુભાવો.

અમદાવાદ ખાતે ગુજરાતના ચેરીટી કમિશનર ભ્રાતા વાય.એમ. શુક્લને રક્ષાબંધન કરતાં નવરંગપુરા સેવાકેન્દ્રનાં બ્ર.કુ. ઈશિતાબેન સાથે CA બ્ર.કુ. લલિતભાઈ, બ્ર.કુ. વિધિબેન.

આહવાના જિલ્લા વિકાસ અધિકારી ડૉ. વિપિન ગર્ગ IAS ને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ઈનાબેન.

સુરેન્દ્રનગરના જિલ્લા કલેક્ટર ભ્રાતા કેયુર સી. સંપત IAS ને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. હર્ષાબેન.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૫ સપ્ટેમ્બર - ૨૦૨૨ અંક : ૦૯

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- જીવનના કેન્દ્રમાં માત્ર બાબા જ ....તંત્રી સ્થાનેથી ..04
- અમૃતધારા ....દાદી જાનકીજી ..07
- સકાશ દ્વારા મનસા સેવા ....બ્ર.કુ. જગદીશચંદ્ર ..09
- પ્રસન્નતાના પથ પર ....બ્ર.કુ. શિવાનીબેન ..12
- સુખી જીવનના પથ પર ....બ્ર.કુ. સૂર્યભાઈ ..14
- સંસ્કાર મિલનના ગરબા રાસ ....બ્ર.કુ. ગીતાબેન ..16
- દ્રૌપદી મુર્મુજી ....સૌજન્ય - મધુરિમા ..19
- સહનશીલતા...............................બ્ર.કુ. હેમંતભાઈ ..20
- રાજયોગી બ્ર.કુ. ડો. હરીશભાઈ .....બ્ર.કુ. ચંદ્રવદનભાઈ ..24
- પ્રસંગ પરિમલ 26
- કલાત્મક કહાની ....બ્ર.કુ. ગોરધનભાઈ ..28
- દિવ્યદર્શન ....બ્ર.કુ. નંદિનીબેન ..29
- સંગમયુગની શબ્દાવલી 32

લવાજમના દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૧૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૦૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૨.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૧૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૦,૦૦૦.૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
Phone : 99798 99104

મુદ્રક અને પ્રકાશક
રાજયોગિની ભારતીદીદી

-:- વિશેષ નોંધ -:-

જ્ઞાનામૃતના નવા સભ્યો સમગ્ર વર્ષ દરમિયાન પણ બની શકે છે. તેમને જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના દરેક મહિનાના અંક મળશે. જેમનું લવાજમ જમા કરાવવાનું બાકી હોય, તેઓને સત્વરે જમા કરાવીને જાણ કરવા વિનંતી.

આવશ્યક નોંધ

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.
Phone: 079 - 2532 4460

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

જીવનના કેન્દ્રમાં માત્ર બાબા (પરમાત્મા) જ

બ્રહ્માવત્સ બન્યા પહેલાંના જીવન પ્રતિ દ્રષ્ટિપાત કરતાં જણાય છે કે ત્યારે આપણે આપણી માન્યતાઓ, આદર્શો, ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ, સત્તા, સંપત્તિ, પ્રતિષ્ઠા મેળવવાના કાર્યોમાં અતિ વ્યસ્ત હતા. એને જ જીવનનું સર્વસ્વ સમજતા હતા. ક્યાંક આમાં અપવાદ પણ હોય છે.

બ્રહ્માવત્સ બન્યા પછી જીવનની દિશા અને દશા બદલાઈ ગઈ. ભિન્ન ભિન્ન સત્યના સાક્ષાત્કારો થયા. વિવેક જાગી ગયો. નીરવલોણાની પ્રવૃત્તિઓ પરિવર્તન પામવા લાગી. જીવનની યથાર્થ સમજ મળી ગઈ. વ્યર્થની બાદબાકી થવા લાગી. સમર્થનો સરવાળો થવા લાગ્યો.

બ્રહ્માવત્સ જીવનની પરિપક્વતાએ એ નિશ્ચિત કરી દીધું કે જીવનના કેન્દ્રમાં જો કોઈ અગ્રસ્થાને હોય તો તે કેવળ એક પરમપિતા શિવ પરમાત્મા, પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્મા જ છે. સંગમયુગના સમયનું મૂલ્યાંકન કરવાની દ્રષ્ટિએ કાર્યોના ક્રમોમાં આમૂલ પરિવર્તન કરી દીધું.

જો સાકાર, અવ્યક્તવાણીઓની શ્રીમતને જીવનમાં ધારણ કરીને આચરણમાં અભિવ્યક્ત કરીએ તો જીવન સમૃદ્ધ બને છે. બ્રહ્માબાબાનું જીવન અને મુરલીઓમાં પ્રતિબિંબિત શ્રીમત એ જીવનની સુખમય કેડી બની જાય છે. જ્યાં પ્રશ્નો, મૂંઝવણો, સમસ્યાઓનો ઉકેલ સહજ બને છે.

જ્યારે પરમાત્મા જ જીવનના કેન્દ્રમાં આવી જાય છે ત્યારે ઝાંઝવાના જળ જેવી પ્રવૃત્તિઓ પાછળ ભાગવાનું સ્વાભાવિક રીતે જ બંધ થઈ જાય છે. જેની બુદ્ધિ ઈશ્વરીય યાદ અને શ્રીમતની સમર્થતાને જ વળગી રહે છે તેના માટે દેહધારીઓના પ્રભાવોમાંથી મુક્ત થવાનું અતિ સરળ બને છે.

ભિન્ન ભિન્ન ધર્મોના અધ્યયન પછી એ સમજાયું કે **વ્યક્તિપૂજા સમર્થ પરિણામ લાવતી નથી. યોગ્યતા વિનાની વંશપરંપરાની શાસન પદ્ધતિ પણ બુરાઈઓની જન્મદાતા બને છે. બ્રહ્માકુમારીઝની ગુણવત્તા એ છે કે તેમાં પરમાત્મા જ કેન્દ્ર સ્થાને છે.** સ્નેહ, સંપ, સંગઠન, સહયોગ, સફળતા, સિદ્ધિઓ, સુવાસ એવી અનેક વિશેષતાઓ છે જે પરમાત્માના કારણે જ છે. બધાંનો યશ પિતા પરમાત્માના ફાળે જાય છે.

એક અતિ મહત્ત્વની વાત એ છે કે કોઈ લૌકિક કે અલૌકિક પ્રવૃત્તિઓ કરતાં કોઈના સાથની સાધનોની, સુવિધાઓની, ભૌતિક ચીજોની જરૂર પડે છે. પણ બાબાની યાદ માટે કોઈપણ પ્રકારના ભૌતિક સાધનોની કોઈના સાથની જરૂર પડતી નથી. બાબા તો ત્યાં સુધી કહે છે કે લાલલાઈટ કે એવાં કોઈ ઉપકરણો વિના માત્ર અંતરમનની સચ્ચાઈ, સફાઈથી, દિલના પ્રેમથી બાબાને યાદ કરી શકાય છે. તે માટે કોઈ સ્થાન કે સુવિધાની જરૂર નથી. **ભક્તિમાર્ગના કર્મકાંડ, પૂજા સામગ્રી કે એવાં બાહ્યાચારથી મુક્ત કરાવીને બાબાને બ્રહ્માવત્સોને કેટલા મુક્ત આતમપંખી બનાવી દીધાં છે.**

પરમાત્મા જ આપણા સૌના કેન્દ્રમાં છે એ વાતની સાર્થકતા અવ્યક્ત પ્રભુમિલનના કાર્યક્રમોમાં દ્રષ્ટિગોચર થાય છે. પ્રભુમિલન માટે દેશવિદેશોના અનેક બ્રહ્માવત્સો તકલીફો વેઠી,

ખર્ચ કરી, તમામ પ્રવૃત્તિઓ આટોપીને અવકાશ મેળવી અતીન્દ્રિય સુખના નશામાં થનગનતા બાબાના ઘેર મધુવનમાં પહોંચી જાય છે. ત્યારે સર્વકાર્યક્રમો સ્થગિત થઈ જાય છે. માત્ર એક બાબા જ કેન્દ્રસ્થાને રહે છે.

એવાં કેટલાંયે બ્રહ્માવત્સોને, પરિવારોને જોયાં છે કે તેઓ જીવનની કોઈપણ પ્રવૃત્તિઓ કરતાં સૌ પ્રથમ બાબાને, બાબાના ઘરને યાદ કરે છે. એમની પ્રવૃત્તિઓના શ્રીગણેશ બાબાના યજ્ઞમાં સમર્પીને કરે છે. સહયોગરૂપે, ભોગરૂપે, બ્રહ્માભોજન રૂપે કે અન્ય કોઈ સ્વરૂપે એમને સૌ પ્રથમ બાબા જ યાદ આવે છે. મારા બાબા અને મારો ઈશ્વરીય પરિવાર એ એમના જીવનમાં અગ્રસ્થાને રહે છે.

સૌ બ્રહ્માવત્સોનો એ અનુભવ છે કે ચાહે લૌકિક સંબંધો ગમે તેટલા મીઠા, સારા હોય પણ જે ખુશી, આનંદ, ઉત્સાહ બ્રહ્માવત્સો સાથે મળે છે તેવો બીજે ક્યાંય મળતો નથી. નિષ્કામ, નિઃસ્વાર્થ, પવિત્ર પ્રેમનો એ જાદુ છે. સૌને જોડનાર પરમાત્માના પ્રેમનો એ જાદુ છે.

લૌકિક સંબંધીઓ પણ રોજબરોજ મળેતો એક બીજાથી જાણે ધરાઈ ગયા હોય એવો અનુભવ થાય છે. પછી ભલે તેને અભિવ્યક્ત ના કરીએ. પણ સેવાકેન્દ્રોમાં અનેકવર્ષોથી, વર્ષના 365 દિવસ મળતા, ક્લાસમાં આવતા બ્રહ્માવત્સોને જોઈને કદી એવું લાગતું નથી. સદાયે રુહાની સ્નેહ જળવાઈ રહે છે. કોઈ અનુપસ્થિત રહેતો આપણે એમને યાદ કરીએ છીએ. આ છે પરમપિતા પરમાત્મા કેન્દ્રસ્થાને છે તેનો જાદુ.

બ્રહ્માકુમારીઝની વિરાટ પ્રવૃત્તિઓ, સેવાઓ, ભવનોનાં નિર્માણકાર્યો એટલાં ઝડપથી, સરળતાથી, સફળતાથી થાય છે કે લોકો આશ્ચર્ય પામે છે. ક્યારેક સમૃદ્ધ ઔદ્યોગિક ગૃહો કે સરકારો પણ ન મેળવી શકે તેટલી સફળતા બ્રહ્માકુમારીઝને મળે છે. કારણ ? કરન કરાવનહાર બાબા બધું કરાવી રહ્યા છે. સૌ બ્રહ્માવત્સો સ્વયંને નિમિત્ત સમજીને નિષ્કામ ભાવે, દિલના પ્રેમથી, ઊમળકાથી સેવા કરે છે. સમગ્ર બ્રહ્માવત્સોમાં એકતા છે. બાબા અને બાબાના યજ્ઞ પ્રત્યે અપાર પ્રેમ છે. કેન્દ્રમાં પરમાત્મા હોવાથી અસંભવ લાગતાં કાર્યો પણ સંભવ બને છે. યશસ્વી બને છે. જીવનમાં શ્રેષ્ઠ મૂલ્યો, સદાચાર, શ્રેષ્ઠ આચરણ જ ફળદાયી બને છે.

યોગીએ એક પરમાત્માના જ બળ અને ભરોસા ઉપર રહેવું જોઈએ

માનવ સંબંધો મોટે ભાગે ઉપયોગિતાવાદ સાથે સંકળાયેલા છે. વ્યક્તિ જ્યાં સુધી ભિન્ન ભિન્ન સ્વરૂપે ઉપયોગી બને છે ત્યાં સુધી જ તેનું મૂલ્ય ટકે છે. જેવું તે બંધ થઈ જાય છે તેવું તેનું સ્થાન બદલાઈ જાય છે. સંસ્કૃતમાં કહ્યું છે કે 'સ્થાનભ્રષ્ટા ન શોભન્તે દંતા, કેશા, નખા, નરા' અર્થાત્ સ્થાન ઉપરથી ભ્રષ્ટ થયેલાં દાંત, વાળ, નખ અને માનવો શોભતા નથી. યોગીએ તો સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો જીવનમાં ધારણ કરવાં જોઈએ. જીવનના વિપરીત સંજોગોમાં માનવ માટે બધાં દ્વાર બંધ થઈ જાય છે. આમ છતાં પરમાત્મા અને પ્રકૃતિનાં તત્વો કદીયે તેનો અનાદર કરતાં નથી. એમનાં દ્વાર સદાને માટે ખુલ્લાં જ હોય છે.

પરમાત્મા જેવા પરમપિતા મળવા, તેમની સાથે ભિન્ન ભિન્ન સંબંધોની અનુભૂતિ કરવી. બાપ, શિક્ષક, સદ્‌ગુરુ તરીકેની પરમાત્માની ભૂમિકાનાં જેટલાં પણ ગુણગાન કરીએ તેટલાં ઓછાં છે. સર્વગુણો અને શક્તિઓના સાગર અને આવા માનવ માત્ર માટે રહેમદિલ બાપ ક્યાં મળે?

પિતા પરમાત્માએ આપણને એટલો દિવ્ય અને મહાન વારસો આપ્યો છે જે વિશ્વનો ગમે તેટલો ધનાઢ્ય, સત્તાધીશ, સર્વપ્રતિભા-સંપન્ન લૌકિક પિતા આપી ના શકે. જ્યારે શાંત એકાંત વાતાવરણમાં, અમૃતવેળાએ, સંધ્યાકાળે બાબાના ચિંતનમાં ખોવાઈ જઈએ છીએ ત્યારે અતીન્દ્રિય સુખની ભરતી સાથે હર્ષાશ્રુથી આંખો ભીંજાઈ જાય છે.

જો સર્વે કરીએ તો આપણને એવાં દ્રષ્ટાંતો મળશે કે જેમના લૌકિક ઘરમાંથી એકમાત્ર કુમાર કે કુમારી મળી આવશે, જેઓએ પવિત્રતા અપનાવી, બ્રહ્માવત્સ બની જીવન ઈશ્વરીય સેવામાં સમર્પિત કર્યું હોય. આમ એકલા સમર્પિત જીવન જીવવાનું બળ કોણે આપ્યું? પિતા પરમાત્માએ જ એમને એવી અદ્‌ભુત અનુભૂતિઓ કરાવી કે કોઈના સાથ કે સહયોગ વગર જીવન સમર્પિત કર્યું. ઘર ગૃહસ્થમાં રહી એકલાં સ્ત્રી કે પુરુષ જ્ઞાનમાં ચાલતાં હોય તેવાં દ્રષ્ટાંત પણ મળી આવે છે. આવું ક્યારે બની શકે? જ્યારે જીવનના કેન્દ્રમાં એકમાત્ર બાબા જ હોય.

જ્યારે પરમાત્મા જ જીવનના કેન્દ્ર સ્થાને આવી જાય છે ત્યારે તમામ પ્રકારના અભાવો સમાપ્ત થઈ જાય છે. માતેશ્વરી જગદંબા સરસ્વતીજીએ એક માત્ર પરમાત્મ નિશ્ચયના બળે જ જીવન સમર્પિત કર્યું. લૌકિક ઘરથી ધનસંપત્તિ ન લાવવા છતાં એમના પદની ગરિમા કેટલી મહાન બની. આ છે **પરમાત્માના પ્રેમનો જાદુ. પરમાત્માની નજરમાં માનવના દિવ્યગુણો, આંતરિક સંપદા અને સમર્પણભાવ જ દેખાય છે. પિતા પરમાત્મા માટે અન્ય ભૌતિક માપદંડો હોતા નથી.**

ભારત અને વિશ્વના વિભિન્ન દેશોમાં જે સમર્થ, પ્રતિભાસંપન્ન બ્રહ્માવત્સો છે એમને બાબાએ જ પ્રેરણા આપી, એમનું દિવ્ય ઘડતર કરી મહાન આત્માઓ બનાવ્યાં. બ્ર.કુ. શિવાનીબેન જેવાં રત્નોને બાબાએ જ યોગ્યતા ભરીને પ્રત્યક્ષ કર્યાં. નરી આંખે જે જોઈ શકતા નથી તે મહાન કાર્ય પરમાત્મા પ્રેરણા, અનુભૂતિઓ અને દિવ્ય સાક્ષાત્કારો દ્વારા કરાવી રહ્યા છે. **સિદ્ધિઓની સફળતામાં માત્ર એક બેનું નામ જ આવે છે. આમ છતાં સર્વની શુભ-કામનાઓ, સહયોગ અને પરમાત્મશક્તિથી જ તે સંપન્ન બન્યું છે. તે કદી વિસરાવું ન જોઈએ. વ્યક્તિઓની વિસ્મૃતિ ભૂલથી થઈ શકે પણ પરમાત્મા તો વિસરાવા જ ના જોઈએ.** ભારત તો અધ્યાત્મનો, પૌરાણિક વારસાનો દેશ છે. ઋષિમુનિઓ, તપસ્વીઓ, ધર્મસ્થાપકો અને ભિન્ન ભિન્ન ક્ષેત્રના મહાન આત્માઓની ભૂમિ છે. પણ ભારતમાં થયેલ પરમાત્માનું દિવ્ય અવતરણ તેમજ ઈશ્વરીય સંદેશ વિશ્વના 140 દેશોમાં પહોંચ્યો છે. વધુને વધુ દેશોમાં પહોંચી રહ્યો છે. વિદેશી આત્માઓ પણ બ્રહ્માવત્સ બની શ્રેષ્ઠ જીવન જીવી રહ્યા છે. ત્યાગ, તપસ્યા, સેવા અને સમર્પણમાં યશસ્વી ફાળો આપી રહ્યા છે. હવે તો પરમાત્મ મિલનની સીઝનમાં દરેક ટર્નમાં વિદેશીઓની નોંધપાત્ર હાજરી હોય છે. આવું ક્રાંતિકારી, અદ્‌ભુત જીવન પરિવર્તન કરનાર કોણ? કોની પ્રેરણાથી આ થઈ રહ્યું છે? દિલમાંથી માત્ર એક જ અવાજ નીકળે છે. અમારા - મારા મીઠા મીઠા પ્યારા પ્યારા બાબા...

॥ ૐ શાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

અમૃતધારા

અંત કાળ સદા યાદ રહે

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ

ગંગાનો તટ હોય, જ્ઞાન અમૃત મુખમાં હોય, ઈશ્વરીય પરિવારનો સાથ હોય, ઈશ્વરીય પરિવારની વચ્ચે બેઠેલા હોય, મુરલી સાંભળતાં સંભળાવતાં જ સ્વાભાવિક રીતે પ્રાણ તનમાંથી નીકળે. આવું કોને થશે? જેની વિદ્યાર્થી અવસ્થા હશે. સેવાઓમાં નિમિત્ત છે, એમાં દુઆઓ મળે છે. એમાં કોઈ બોજ નથી. જ્યારે આત્મા કોઈ બંધનમાં નથી તો જવાબદારી સારી રીતે સંભાળી શકે છે. બંધન પોતાના તરફ ખેંચે છે તો જવાબદારી સારી રીતે સંભાળી શકતા નથી. સેવા બંધનમુક્ત રહેવા માટે એક આયનો છે. સેવાધારી દેહ, સંબંધ, દુનિયા, સંપર્ક, સંસ્કાર, સ્વભાવ સર્વના બંધનોથી મુક્ત થઈ જાય છે. સંપર્કમાં આવવા છતાં સર્વની સાથે રહેવા છતાં શાંતિધામ આંખો સામે રહે છે. બાબાએ જે સંભળાવ્યું છે તેનું મનન-ચિંતન કરતાં કોઈ તોફાન હેરાન કરી શકે નહીં. કોઈ તોફાન પરેશાન કરતું નથી. આપણે પરેશાન થઈએ છીએ.

સદા સ્વમાનમાં રહો. શરીર જૂનું છે. અંતિમ જન્મ છે, તો કોનો સાથ લેશો. કોઈનો સહારો લીધો તો નાપાસ. થોડી પણ આસક્તિ રહી, તો નાપાસ થશો. માર્કસ ઓછા થઈ જશે. જેની સાથે આસક્તિ થઈ તે પણ નાપાસ થઈ જશે. આસક્તિથી ના બાબાના રહીશું, ના દુનિયાના, આસક્તિ ઘણી ખરાબ ચીજ છે. બાબા રોજ રોજ કહે છે પોતાની સૂક્ષ્મ ચેકિંગ કરો. સંસ્કારથી પણ આસક્તિ છે. સ્વભાવથી પણ આસક્તિ છે. બીજાના સ્વભાવ-સંસ્કાર માટે વિચારવું એ પણ આસક્તિ છે. ક્યારે બદલાશે, કઈ રીતે બદલાશે એ પણ આસક્તિ છે. એની આસક્તિ કોઈની સાથે ના હોય જો આ ચિંતા કરું તો તે પણ આસક્તિ છે. એટલા માટે બાબા કહે છે તમે બાળકો, ઘર (શાંતિધામ)ને યાદ કરો. તમે વાનપ્રસ્થી છો. શું થશે, કઈ રીતે થશે આ ચિંતનથી પણ પોતાને મુક્ત રાખો.

બાબાએ ઘણો સહજ ઉપાય બતાવ્યો છે. અતીન્દ્રિય સુખમાં રહો. બીજા આત્માઓને અતીન્દ્રિય સુખનો અનુભવ કરાવવા માટે શાંત સ્વરૂપમાં રહીને આત્માઓને વાયબ્રેશન (આંદોલનો) પહોંચાડો. બાબા આપણને દરેક વાતમાં માસ્ટર સર્વશક્તિવાન બનાવે છે. ‘મિરૂઆ મોત, મલૂકા શિકાર’ની જેમ વિનાશ વખતે આપણી સ્થિતિ હોય. (મતલબ કે ગમે તેવી પરિસ્થિતિમાં સ્થિતિ અચલ રહે) ડરો નહીં. ગભરાઓ નહીં. શરૂઆતથી જ કેટલીયે વાત સામે આવી છે પણ પાસ થવા માટે આપણે સૌ તૈયાર રહીએ, પાસ થવું તે સહજ સાધારણ વાત છે. પ્રશ્નો તો આગળ જતાં આવતાં રહેશે. પણ પહેલાંથી જ આપણે તૈયાર રહીએ. અંતકાળ સદા યાદ રહે, કાળ ઉપર વિજય થાય તેવી આપણી સ્થિતિ હોય. લાંબા સમયથી ઈશ્વરીય યાદની ટેવ પડી હોય, વિઘ્નવિનાશક સ્થિતિ હોય તો આપણી સમક્ષ આવનારાં વિઘ્નોને સહજ રીતે પાર કરી શકીએ છીએ. એ સમયે જમા કરેલું જ (જ્ઞાનબળ,

યોગબળ) કામમાં આવે છે. અશાંત, અંતઘડીમાં તો આધ્યાત્મિક કમાણી કરી શકીશું નહીં. તો બુદ્ધિ પહેલેથી જ પરમપિતાને સમર્પિત હોય. ઘણા સમયથી મન, વચન, કર્મ, શ્રેષ્ઠ હોય. સ્વયંની નિર્વિઘ્ન સ્થિતિ હોય. સેવામાં આવનારા પ્રશ્નોમાં સહજ સફળતા હોય. ઘણા સમયથી આવી સ્થિતિ બનાવેલી હોવી જોઈએ.

બાબાએ વરદાન આપેલું છે કે તમે ઈશ્વરીય સંતાન છો. પ્રકૃતિ તમને સાથ આપશે. પ્રકૃતિનું કામ સાથ આપવાનું છે. પરંતુ આપણું કામ પરમાત્માના કાર્યમાં પ્રામાણિક રહેવાનું છે. પરમાત્માને સત્યમ્ શિવમ્ સુંદરમ્ કહે છે તો આપણે એવા સાચા બનવાનું છે. જેથી દુનિયાભરના લોકો કહે છે આવાં સાચાં ઈશ્વરીય સંતાનો ક્યાંય જોયાં નથી.

પ્રેમ અને આદરનું પરસ્પર ઘણું ઊંડુ જોડાણ છે. જ્યાં પણ કંઈક પ્રેમ મળે છે તો સમજીએ છીએ કે એને મારા માટે આદર છે. જ્યાંથી પ્રેમ નથી મળતો ત્યાં એવું સમજીએ છીએ કે એને મારા પ્રત્યે આદર નથી. જ્યારે કોઈ માનવનો પ્રેમાદાર સ્વીકાર ના કરીએ ત્યારે જ ભગવાન તરફથી પ્રેમ અને આદર મળે છે. કોઈ ઈચ્છા ના રાખીએ. **આસક્તિ અને પરવશતાના સંસ્કાર ઈશ્વરનો પ્રેમ પ્રાપ્ત કરવા દેતા નથી. જેને કારણે આત્મામાં શક્તિ રહેતી નથી.** કોઈ આત્મામાં સ્વયંને પ્રેમ કરવા જેટલી પણ શક્તિ હોતી નથી. આપણે ખરાબ છીએ, તો પોતાને સારા બનાવીએ. સ્વયંને પ્રેમ કરીએ. એ માટે સ્વમાનમાં રહીએ. કોઈને ના જોતાં આત્મનિરીક્ષણ કરીએ. કોઈ સારા છે તો અભિમાનથી જુએ છે. પણ દિલમાં કોઈ વાત રાખો નહીં. આયનાને સાફ રાખો તો પોતાની મેળે સારું દેખાશે. ખરાબી હશે તો બાબા દૂર કરી દેશે. બાબાએ કહ્યું છે 'મુખડા દેખ લે પ્રાણી જરા દર્પન મેં.' તો સ્વયંને જુઓ, બીજાને નહીં. પરચિંતન ના કરો. સ્વચિંતનમાં રહેવાનું સુખ મેળવો. તો કંઈક ખામી હશે, તો આત્મિક શક્તિથી દૂર થઈ જશે એ ગેરંટી છે. આ વિશ્વાસ રાખો. પોતાને પ્રેમ કરો. જ્યારે આત્મઅભિમાની સ્થિતિ હોય છે ત્યારે બાબાની યાદ આવે છે. ત્યારે જ પોતાનો ચહેરો ચમકતો અનુભવાય છે.

દિલથી બાબાની મહિમા કરતા રહો. બાબા તમે ના હોતા, તો મારું સ્થાન ક્યાં હોત? બાબા, તમે મને મળ્યા એટલે સર્વ કાંઈ મળી ગયું. આ બોલ અંદરથી નીકળે, સાહજિક રીતે નીકળે. તે માટે કોઈ શીખવાડતું નથી. બાબાની મહિમા કરવાનું કોઈ શીખવાડી ના શકે. ભક્તિમાં પોપટની જેમ રટે છે. જે સાંભળ્યું તે બોલે છે. પરંતુ સુખનો અનુભવ કરતા નથી. ભજન કીર્તનમાં કર્ણરસથી ગાય છે, દિલથી ગાતા નથી. આપણે દિલથી પરમાત્માને યાદ કરીએ છીએ.

આપણા શિક્ષણમાં માત્ર કર્ણરસ નથી. આપણે કોઈને સંભળાવ્યું. બધાંએ તાળીઓ પાડી. આ સંભળાવવાનો રસ છે. આ રીતે સાંભળવા - સંભળાવવાના રસવાળા અંતર્મુખી બનીને સદા સુખી કદી રહી શકતા નથી. કારણ કે એમાં પણ માન-અપમાન આવશે. કોઈ ઘણા સારા સમજુ છે. બીજાઓને સારું સમજાવે છે. સમજવા-સમજાવવામાં દિમાગ ઘણું હોંશિયાર છે પરંતુ અંદરથી ખાલી છે. કોઈ એવું સમજે છે કે અમે સારા સમજદાર છીએ. ઘણું શીખી લીધું હવે શીખવાની કઈ ભાવના રાખીએ ઘણું શીખી લીધું. આમ કહેવું પણ ભયની નિશાની છે.

આ જ્ઞાનમાર્ગ પણ ઘણો જટિલ માર્ગ છે. ડગલે ડગલે, દરેક સંકલ્પ કરતાં વિચારવાનું છે. આટલું જ્ઞાન સાંભળતાં સંભળાવતાં પણ હું

(અનુસંધાન પેજ નં. 18 પર)

સકાશ દ્વારા મનસા સેવા

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી

જે વ્યક્તિ સાત્ત્વિક, પવિત્ર, દિવ્ય ગુણ સંપન્ન, આત્મનિષ્ઠ તથા પ્રભુ આશ્રિત હોય છે અને પોતાનું સર્વસ્વ જન-કલ્યાણમાં લગાવી દે છે, એમનાં પ્રકંપન વિશેષ હોય છે. તેઓ સંપર્ક અથવા સંસર્ગમાં આવનારી વ્યક્તિને પણ સાત્ત્વિકતા, પવિત્રતા, સદ્‌ભાવના, સદ્‌વ્યવહાર અને સદાચાર તરફ વાળી દે છે. તેઓ કંઈક એવો શક્તિશાળી પરંતુ સારો લાગે તેવો, મનને ગમે તેવો અને સુમધુર કહી શકાય તેવો પ્રભાવ પાડે છે. જેનાથી વ્યક્તિની અંતઃચેતના જાગી જાય છે. ખોટા કાર્ય માટે એનું મન પ્રાયશ્ચિત કરે છે અને એનામાં શુદ્ધ અને શુભ સંકલ્પોનો અભ્યુદય થાય છે. **એના પ્રભામંડલ અથવા પ્રકંપનોના આ પ્રભાવને સકાશ કહેવામાં આવે છે.**

જેની યોગમાં ઊચી ગતિ અથવા ઊંચી સ્થિતિ હોય છે. તેઓ પોતાની વૃત્તિ, દૃષ્ટિ, સ્થિતિ વગેરેથી બીજાઓની સેવા કરે છે. સ્થૂલ રૂપથી તેઓ મુખથી બોલતાં, આંખોથી જોતાં, હસ્તકમલ દ્વારા પ્રસાદ અથવા આશીર્વાદ આપે છે, પરંતુ સૂક્ષ્મરૂપથી એમનો સકાશ કામ કરી રહ્યો હોય છે. તેઓ ઈચ્છાઓ અને તૃષ્ણાઓથી મુક્ત હોય છે. સદા પ્રસન્નચિત્ત, જેમની હવે લૌકિક પ્રાપ્તિની કોઈ કામના ના હોય એવી સ્થિતિમાં સ્થિત હોય છે. તેઓ સર્વના શુભચિંતક, સર્વના સહૃદયી અને સર્વ પ્રત્યે કરુણાશીલ હોય છે. એમનું મન ઘૃણા, દ્વેષ, ઈર્ષ્યા ઈત્યાદિ સર્વ પ્રકારના દેહ અભિમાનથી સુરક્ષિત અને સાફ હોય છે. તેઓ નિર્મળ, નિશ્ચિંત અને નિષ્કામ હોય છે. આવી વ્યક્તિની જો મુલાકાત થઈ જાય, વાતચીત કરવાની તક મળી જાય, એમની પાસેથી કંઈક સાંભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થઈ જાય, એમના દ્વારા પ્રસાદરૂપે કંઈક મળી જાય, કંઈક પત્રપુષ્પોનું આદાન પ્રદાન થાય, એમની નજર અથવા ધ્યાન આપણા ઉપર પડી જાય તો આ રીતે પણ સકાશ આપણા જીવનને પ્રકાશિત, આનંદિત અને ઉત્સાહિત કરી દે છે. જે લોકો આવા મહાનુભાવો દ્વારા સકાશ લેવાના બદલે એમની અવજ્ઞા, એમનો અનાદર કરે છે. એમની સાથે મતભેદ રાખે છે. તેઓ દુર્ભાગ્યશાળી હોય છે.

જેમ સૂર્ય સ્વભાવથી જ પ્રકાશ અને ગરમીનાં પ્રકંપન ચારે બાજુ ભેદભાવ વગર આપે છે જેનાથી આ જગતનું અસ્તિત્વ રહે છે અને અહીંના કીંટાણું તથા વાયુમંડળનું પ્રદૂષણ છિન્નભિન્ન અને નષ્ટ થઈ જાય છે. એ રીતે જ મહાન યોગી પોતાની પવિત્રતા, શાંતિ, સાત્ત્વિકતા, શીતળતા, શક્તિ વગેરેનાં પ્રકંપન ચારે બાજુ ફેલાવે છે. સૂર્યનાં કિરણો ઘણે દૂર સુધી પોતાનો પ્રભાવ પાડે છે. એ રીતે જ જેના યોગની દિવ્યતા પરાકાષ્ઠા પર હોય તેઓ આધ્યાત્મિકતા અને દિવ્યતાનાં એટલાં તેજ અથવા શક્તિશાળી કિરણો મોકલે છે. એમનો સંકલ્પ પણ દૂરની વ્યક્તિ પાસે પહોંચીને સેવા કરે છે. એમના વિચારતરંગો અતિદૂર બેઠેલ વ્યક્તિના મનને પણ સ્પર્શ કરે છે. આને મનસા સેવા અથવા માનસિક મૌન દ્વારા સેવા કહેવામાં આવે છે. આ વાણીથી પણ પરેની અવસ્થા છે અને ઘણી જ શક્તિશાળી અથવા પ્રભાવશાળી હોય છે. પરંતુ આ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે અર્થાત્ સૂર્ય

સમાન જ્યોતિર્મય, તેજોમય, શક્તિમય અને જ્વાલામય બનવા માટે ઘણા સૂક્ષ્મ પુરુષાર્થની આવશ્યકતા છે. એનું નામ સાધના છે. આ યોગની પરાકાષ્ઠા છે. આ ભૂમિકાએ પહોંચા માટે જે પુરુષાર્થ કરવો પડે છે તેનો સંક્ષેપ, સાર આ છે.

પવિત્રતામાં નિર્વિઘ્ન રહેવું

સાત્ત્વિક આહાર-વ્યવહાર, વિચારથી કદી નીચેના ઉતરવું. કોઈ વ્યક્તિ ભલે આપણને ગમે તેટલા હવાલે, ઉશ્કેરણી કરે અથવા પોતાની બુરાઈઓથી આપણને હેરાન કરે પરંતુ આપણી પવિત્રતાના સિંહાસન ઉપર બેઠા રહીએ મનમાં કોઈ પણ ક્ષુદ્રભાવ ના આવે. બીજાઓની બુરાઈને જોઈએ પણ ખરાબ પ્રતિક્રિયા ના હોય. પરંતુ પોતાની પવિત્રતા અખંડ અને અમોઘ બની રહે. કષ્ટોને સહન કરવા છતાં પણ પૈસાનું પ્રલોભન, સૌંદર્યનું આકર્ષણ, સ્વાદ પ્રત્યે ખેંચાણ, સુખ સગવડો મેળવવાની તૃષ્ણા, અનાવશ્યક સંગ્રહની પ્રવૃત્તિ, માન-શાનની ઈચ્છા, મારા-તારાનો સંકુચિત ભાવ, સ્વાર્થની લહેર ના આવે.

દેહથી ન્યારા બનીને રહેવાનો અભ્યાસ

વિદેહી સ્થિતિ અથવા અવ્યક્તભાવ દિવસે દિવસે વધતો જાય. હું લાઈટ (પ્રકાશ) છું, માઈટ (શક્તિ) છું. પરમધામનો વાસી છું. આ સંસારનો એક યાત્રી છું. હવે યાત્રા પૂરી કરીને જવાનો છું. મારે કંઈ પણ જોઈતું નથી. પરમાત્માની મારા ઉપર અપાર કૃપા છે. આ પ્રકારના વિચાર મનમાં પ્રવાહિત થતા રહે. આ કળિયુગી સંસાર પ્રત્યે આકર્ષણ ના હોય, ના આસક્તિ હોય. પણ વૈરાગ્ય હોય અને મનમાં સદા એ સંકલ્પ ચાલતો રહે કે આ દુનિયા તો માયાવી નગરી છે, પારકો દેશ છે. આ રૌરવ નર્ક છે. મારે તો નિર્વાણધામ જવાનું છે. આ પ્રકારના વિચારતરંગો ઉઠતા રહે.

આ સંસાર પ્રકૃતિ અને પુરુષનો ખેલ છે. હું પ્રકૃતિના તોફાનોથી અથવા જાળમાંથી હવે નીકળી ચૂક્યો અને હવે મારે જ્યાં જવાનું છે ત્યાં અથવા લક્ષ્યની તરફ આગળ વધતો રહીશ. હું મોહિની માયાની ચાલોને સમજી ગયો છું. હવે હું યોગી અથવા હંસની ચાલે ચાલીને એક પરમાત્માની જ સર્વશ્રેષ્ટ મત અનુસાર ચાલી રહ્યો છું અને ચાલતો રહીશ. ત્યાં જુઓ પ્રકાશ પર્વતના શિખર ઉપર મારું અચલ-અડોલ સિંહાસન છે. જ્યાંથી પ્રકૃતિ અને માયા મને હલાવી શકતી નથી. આ પ્રકારના ભાવોમાં સ્થિર રહીએ. **આ સંસાર એક અવિનાશી નાટક છે.**

આ સંસારમાં દરેકનો પોત પોતાનો પાર્ટ છે. કોઈ એકનો પાર્ટ પણ બીજા જેવો નથી. દરેક પોતાનાં કર્મો અથવા પ્રારબ્ધ અનુસાર ફળ ભોગવી રહ્યા છે. કોઈની ઈર્ષ્યા, દ્વેષ યા ઘૃણા કરવાનું વ્યર્થ છે અને પોતાના જ અભિમાનને અને પોતાની અતૃપ્ત ઈચ્છાઓને પૂરા કરવાનો પ્રયાસ નીચી કક્ષાનો છે. મને તો લાગે છે કે આ નાટક ઘણું અદ્ભુત છે. આ નાટક અજોડ છે. દરેકમાં પોત પોતાના ગુણ છે, પોતપોતાની વિશેષતા છે. આ સંસારરૂપી નાટક બરાબર છે અને રહસ્ય-યુક્ત છે. એની નિંદા અથવા એનાથી ઘૃણા કરવી તે આપણી અજ્ઞાનતા છે, પોતાના જ મનમાં હલચલ પેદા કરવાનો ખોટો પ્રયાસ છે. આ રીતે વિચારવું એ જ સૌ પ્રત્યે સદ્ભાવ જાળવી રાખવાનો ઉપાય છે. ઘૃણાને બદલે કરુણા અથવા દયા અથવા સહાનુભૂતિ અથવા સહયોગની ભાવના અથવા સેવાનો ભાવ પેદા થવો એજ યોગનું લક્ષણ છે. જે આવો યોગી છે એનો યોગ જ સાત્ત્વિક સકાશ આપવાની ક્ષમતા રાખે છે.

પરમપિતા પરમાત્મા તો સર્વને સકાશ આપે જ છે. સહજ યોગીજન પણ ભેદભાવ વિના સર્વને

સકાશ આપે છે પરંતુ જેનામાં ઈર્ષ્યા, દ્વેષ, ઘૃણા, વેરવિરોધ, મનોવિકાર પ્રબળ છે એમણે આવા મોટા પથ્થરોની આડમાં પોતાને છુપાવી રાખ્યા છે તેઓ સકાશ લઈ શકતા નથી. જ્યારે પ્રથમ એટમબોંબનો વિસ્ફોટ કરવામાં આવ્યો હતો, તો દૂર ઊભેલા વૈજ્ઞાનિકોએ સ્વયંને એવી આડમાં રાખ્યા હતા કે એમના ઉપર રેડિયેશનનો પ્રભાવ ના પડે. એટંમબોંબના વિસ્ફોટથી એટલી પ્રબળ-શક્તિ નીકળી કે જેનો પ્રકાશ કેટલાયે સૂર્યો કરતાં પણ તેજ હતો અને જેનાથી સમુદ્રનું પાણી પણ ઉકળવા લાગ્યું અને જમીનમાં એટલા મોટા ખાડા પડી ગયા અને એટલો તોફાની પવન ફૂંકાયો તથા એટલો જ તેજ ધડાકો થયો પરંતુ વૈજ્ઞાનિકોએ એવાં સાધનો અથવા ઉપકરણોનો પ્રયોગ કરી રાખ્યો હતો કે જેનાથી તેઓ અણુબોંબના વિસ્ફોટનાં ભયાનક પરિણામોથી સુરક્ષિત રહે. એ રીતે મનુષ્યે માયાનું એક ઘણું મજબૂત આવરણ ઓઢી રાખ્યું છે. સ્વયંને નકારાત્મક ભાવોથી ઘેરી લીધા છે. પોતાના મનમાં એટલી હલકી સામગ્રી એકઠી કરી રાખી છે કે જેનાથી એમના ઉપર ઈશ્વરીયતાના સકાશનો પ્રભાવ પડતો નથી. યોગીજનોના પ્રકંપનો રૂપી સકાશનો લાભ પણ એમને મળતો નથી. મનુષ્ય એટલો દુર્ભાગ્યશાળી અને સમજણ વગરનો છે કે સમજાવવા છતાં તે માનતો નથી અને માનવા છતાં તે અનુસાર ચાલતો નથી અને ચાલતાં પણ લંગડાની ચાલે ચાલીને પડી જાય છે. ખરેખર તો એમ બનવું જોઈએ કે તે આવાં પ્રકંપનો મેળવવા ભાગ્યશાળી બને એટલું જ નહીં તે સ્વયં અન્યને સકાશ આપવા લાગે. જ્યારે આ સંસારમાં 16,108 આવી વ્યક્તિઓ તૈયાર થઈ જશે જે આવી સકાશ આપવાની યોગ્યતા ધરાવતા હોય અને બીજા નવ લાખ એવા આત્માઓ હોય જે સ્વસ્થિતિ અનુસાર આવો સાત્ત્વિક સકાશ આપે ત્યારે દૈવી દુનિયા સતયુગનાં સ્વર્ણિમ દ્વાર ખુલશે.

છે એવું કોઈ જે પોતાના તથા સંસારના શુભચિંતક બનીને આજથી જ આ સંકલ્પને દૃઢ કરે કે હું આવો સકાશ આપવા માટે યોગ્ય, યોગી બનીને સતયુગ લાવવાના ઈશ્વરીય કાર્યમાં નિમિત્ત સહયોગી બનીશ? છે કોઈ એવો ઈશ્વરનો લાલ જે એ નિર્ણય કરે કે પોતાના ઉપર ચઢેલી માયાની મોટી મોટી પોલાદી સાંકળોને તોડી દઈશ અને એમાંથી બહાર નીકળીને ઈશ્વરીય સકાશમાં તથા મહાયોગીજનની સકાશમાં આવીને નિર્મળ, નિરદ્વંદ, નિઃસ્વાર્થ, નિર્વિકાર, નિરહંકાર, નિશ્ચિંત અને નિરાકાર બની જઈશ?

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 13નું અનુસંધાન)... પ્રસન્નતાના પથ

આપણા જીવનની યાત્રા સારી રીતે ચાલી શકશે.

એક છે શારીરિક રૂપથી શક્તિહીન થવું અને એક છે ભાવનાત્મક રૂપથી શક્તિહીન થવું. હવે પાંચ મિનિટ પહેલાં ખબર પડી કે બાળકોને શાળાએ મૂકવા જવાનું છે ગાડી તો આપને ચલાવવાની છે. પરંતુ ગાડી આપણે કઈ સ્થિતિમાં ચલાવીશું? દુઃખી થઈને? જો આપણે ભાવનાત્મક સ્વાસ્થ્ય (ઈમોશનલ હેલ્થ)ને પણ એટલું જ મહત્ત્વ આપીએ કે આ સર્વ પરિસ્થિતિઓ અને ભાવનાત્મક સ્વાસ્થ્ય અલગ અલગ નથી. આ તો એક પ્રક્રિયા (પેકેજ) છે જો હું ભાવનાત્મક રૂપથી સ્વસ્થ છું. તો પરિસ્થિતિઓને ઘણી જ સરળતાથી પાર કરી શકું છું. પહેલા આપણે પરિસ્થિતિને સંભાળવા માટે વિચારતાં હતાં અને હવે ભાવનાત્મક સ્વાસ્થ્ય વિશે વિચારીએ છીએ.

॥ ઓમશાંતિ ॥

પ્રસન્નતાના પથ પર

ખુશી શું છે?

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા

જીવનમાં આપણે ઘણી બધી ચીજો જોઈએ છીએ અને એમાંથી ઘણું બધું મેળવીએ છીએ. જીવન સાથે સંકળાયેલાં આપણાં કેટલાંયે સ્વપ્નો હોય છે. જે પરિવાર, બાળકો, પોતાની કેરિયર સાથે જોડાયેલાં હોય છે. એને પ્રાપ્ત કરતાં રહીએ છીએ. દરેક પ્રાપ્તિ આપણને ક્યાંયને ક્યાંય સંતોષ અવશ્ય આપે છે અને આપણને ખુશીની અનુભૂતિ કરાવે છે. પરંતુ આપણે જોઈએ છીએ કે જીવનમાં એ સર્વ આશાઓ વચ્ચે જીવતાં જીવતાં ક્યાંયને ક્યાંય આપણી ખુશી ઘટતી જાય છે. ખુશી મળી પણ બીજી પળે તે ચાલી ગઈ. પછી આપણે એને બીજી વાર શોધવાનો પ્રયાસ કરીએ છીએ.

આ સમગ્ર શ્રેણીમાં અમારો એ પ્રયાસ છે કે ખુશી શું ચીજ છે? એને સમજીએ અને પોતાના જીવનમાં ધારણ કરીએ. હું ખુશ કઈ રીતે રહી શકું? શું હું જાણી શકું કે એવી કઈ વાતો છે જે મને ખુશી આપે છે. ખુશી ક્યાંય બહારથી મળશે અન્યો સાથેના સંબંધોમાંથી મળશે? કોઈ ભૌતિક પ્રાપ્તિથી મળશે યા સ્વયંમાં જ છે? આવી કેટલીયે વાતો છે જે ખુશી સાથે જોડાયેલી છે. એને, આપણે જાણવાનો પ્રયાસ કરીશું.

પ્રશ્ન - જ્યાં સુધી આપણે ખુશીની વાત કરીએ છીએ તો મને દુઃખની ખબર છે. મને એ પણ ખબર છે કે હું કઈ રીતે પરેશાન થઈ જાઉં છું. એવી કઈ નાની નાની વાતો છે જે મને દબાણમાં લાવે છે. એવી કઈ વાતો છે જે મને ગુસ્સો લાવે છે. પણ જ્યારે ખુશીનો વિચાર કરું છું તો ક્યાંકને ક્યાંક તે મળે છે અને વળી ચાલી પણ જાય છે. આપણી ખુશી સાથે જોડાયેલી એવી કઈ વાતો છે?

ઉત્તર - આપે એ ઘણો સારો પ્રશ્ન કર્યો છે કે ક્યાંકને ક્યાંક ખુશી મળે છે પણ તે ચાલી જાય છે. પછી મળે છે અને ફરી ચાલી જાય છે. આપણે એ કહેવા ઈચ્છીએ છીએ આખો દિવસ આપણી સામે કેટલીયે પરિસ્થિતિઓ આવે છે. આખો દિવસ શું છે? તે પરિસ્થિતિઓની એક શ્રેણી છે જે સતત ચાલતી જ રહે છે. જાણે કે કોઈ ફિલ્મ ચાલી રહી હોય. એક દૃશ્ય પછી બીજું દૃશ્ય આવે છે. કોઈ દૃશ્ય મારા પક્ષમાં હોય છે તો કોઈ દૃશ્ય મારા પક્ષમાં ન પણ હોય, આ રીતે કોઈ વ્યક્તિ મારા પક્ષમાં હશે કોઈ નહીં પણ હોય. અર્થાત્ હું ઈચ્છું છું તે રીતે કોઈ ચાલશે કોઈ તે પ્રમાણે નહીં પણ ચાલે. એનું મુખ્ય કારણ એ છે કે આપણી ખુશી વ્યક્તિ અને લોકો ઉપર આધારિત છે. એટલે આપે કહ્યું કે ખુશી મળે છે અને ચાલી જાય છે. અર્થાત્ એક સારું દૃશ્ય આવ્યું. બાળકો સમયસર ઉઠી ગયાં, તૈયાર પણ થયાં અને શાળાએ પણ ગયાં. એનાથી મને ખુશી મળી. બીજું દૃશ્ય સામે આવ્યું કે બાળકો સમયસર તૈયાર તો થઈ ગયાં પણ એમને લેવા માટે બસ આવી નહીં. તો મારે ગાડી લઈને જલદી જલદી એમને મૂકવા જવું પડ્યું. પહેલાં દૃશ્યમાં ખુશી હતી બીજામાં તે દૂર થઈ ગઈ. પછી આગળનું દૃશ્ય આવે છે કે સમય પર પહોંચી તો ગયા ઘણું સારું. પરંતુ પછી પહોંચતાં યાદ આવ્યું કે જે ગૃહકાર્ય કર્યું હતું તે નોટબુક ઘર પર જ રહી ગઈ.

આ એવાં દૃશ્યો છે જે મારી માનસિક સમતુલાને પ્રભાવિત કરે છે. કારણકે મેં પોતાના મનનું નિયંત્રણ સમગ્ર રીતે પરિસ્થિતિઓના હાથમાં આપેલું છે. ત્યારે મેં વિચાર્યું કે આ સર્વ તો સ્વાભાવિક છે કે જેમ જેમ પરિસ્થિતિ અને લોકો બદલાતા જશે મારા વિચાર મારી અનુભૂતિ એ અનુસાર બદલતી જશે. એટલે આપણને ક્યારેક ખુશી મળે છે તો ક્યારેક દુ:ખ મળે છે, આપણે તેનો સ્વીકાર કરી લઈએ છીએ. આ કેવું જીવન છે?

આપણે પરિસ્થિતિઓને આપણા મનની શક્તિઓને આધીન કરતા રહ્યા. પરિસ્થિતિઓ દિનપ્રતિદિન પડકારજનક લાગવા માંડી. ક્યારેક અનુકૂળ ક્યારેક અશાંતિની જે ટકાવારી હતી તે વધતી ગઈ. પછી આપણે આપણા જીવન તરફ જોવાનું શરૂ કર્યું કે આપણું જીવન ક્યાં છે? ત્યારે આપણે સ્વયંને પ્રશ્ન પૂછવા લાગીએ છીએ કે સર્વ કાંઈ તો થઈ રહ્યું છે. સર્વ કાંઈ તો અહીં છે. એક સારો પતિ એક સારી પત્ની, બંને નોકરી કરે છે. ઘણું સારું માસિક વેતન ઘરમાં આવી શકે છે. 35 વર્ષની ઉંમરમાં મારું બે માળનું મકાન બની ચૂક્યું છે. ઘર બહાર બંને માટે અલગ અલગ ગાડીઓ છે. બાળકો માટે અલગ છે. છતાં પણ આપણે ખુશ કેમ નથી? હવે આનાથી વધું શું જોઈએ? આમ છતાં અંદરમાં થોડું ખાલીપણું છે. આ સમયે પ્રશ્ન ઉઠે છે કે આપણી ખુશી ક્યાં છે?

પ્રશ્ન - હમણાં મારી કોઈની સાથે વાતચીત થઈ રહી હતી. એમનું કહેવું હતું કે હું ખુશ છું કે ઉદાસ એ વાત સાથે કંઈ લેવા દેવા નથી. મારે તો પહેલાં પરિસ્થિતિને જોવાની છે. પરિસ્થિતિને સંભાળવા માટે હું પોતાના ઉપલબ્ધ સાધનોને જોઉં યા હું મારી ખુશીને જોઉં?

ઉત્તર - આપણે પોતાની ખુશીને થોડા સમય માટે છોડી દઈએ છીએ. આ સર્વ પરિસ્થિતિઓને સંભાળવા માટે શારીરિક શક્તિ પણ જોઈએ. આજે જો હું બીમાર છું તો એ પ્રશ્ન ઉઠતો જ નથી કે હું ગાડી ચલાવીને જાઉં. જ્યારે આપણે પોતાના જીવનમાં સર્વ પરિસ્થિતિઓને સંભાળીએ છીએ તો શું કદી અમારા મનમાં એ પ્રશ્ન ઉઠે છે કે પહેલાં હું મારી શારીરિક ક્ષમતાને જોઉં યા પરિસ્થિતિને સંભાળું? તો જવાબ મળે છે કે શારીરિક ક્ષમતા પ્રત્યે કંઈ વિચારવાનું નથી. મારે તો પરિસ્થિતિ પર જ સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. મને એ ખબર છે કે શારીરિક ક્ષમતાથી જ પરિસ્થિતિને સંભાળી શકીએ છીએ. જો હું બીમાર છું તો કામ પર કોણ જશે. ત્યાં કામ શું હશે તે બીજી વાત છે. પહેલી વાત એ છે કે હું ઓફિસ કઈ રીતે જઈશ? એટલે આખો દિવસ હું શરીરનું ધ્યાન રાખું છું.

એટલા માટે આપણે શરીરને સમયસર ભોજન આપવું જોઈએ. આપ એક દિવસ ભોજન છોડી દેશો, બે દિવસ છોડી દેશો, પરંતુ કેટલા દિવસ સુધી છોડશો? સમજો કે તમે દોડતાં દોડતાં પણ ખાઈ રહ્યા છો અને જંક ફૂડ પણ ખાઈ રહ્યાં છો પરંતુ આપ ખાઈ તો લો છો. ચાલો, આપે ઉપવાસ પણ કર્યો પરંતુ કેટલા દિવસ સુધી ઉપવાસ કરશો? એના પછી આપને ભોજન ખાવું પડશે. કારણ કે આપને ખબર છે કે ચાર દિનનું તો જીવન નથી. આ તો એક લાંબી યાત્રા છે. આ યાત્રામાં જીવિત રહેવા માટે અને શરીરને સ્વસ્થ રાખવા માટે ભોજન જરૂરી છે. નહીં તો આપનું જીવન ખતમ થઈ જશે. જો આપણું સ્વાસ્થ્ય સારું હશે, તો આપણે સારી રીતે કામ કરી શકીશું. પરંતુ ક્યાંક આપણે ભાવનાત્મક સ્વાસ્થ્યને શારીરિક સ્વાસ્થ્યથી અલગ કરી દીધું છે. જો એને પણ આપણે જીવનમાં એટલી જ પ્રાથમિકતા આપીએ જેટલી શારીરિક સ્વાસ્થ્યને આપીએ છીએ. ત્યારે

(અનુસંધાન પેજ નં. 11 પર)

સુખી જીવનના પથ પર

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ

સંસારમાં સૌ કોઈ સુખોની શોધ કરે છે. કોઈ સુખ મેળવવા માટે ધનની પાછળ દોડે છે તો કોઈ વૈભવોની પાછળ દોડે છે. કોઈ સફળતા મેળવીને સુખી બને છે તો કોઈ સંબંધોમાં પ્રેમ મેળવીને સુખી થાય છે. કોઈને સારું નિવાસ-સ્થાન મળી જાય તો તે સ્વયંને સુખી સમજે છે. જેના મનની જે ઈચ્છા છે તે સાકાર થતાં મનુષ્ય સુખનો અનુભવ કરે છે. પરંતુ જે સુખ અન્યના આધાર પર મળે છે, તે સ્થાયી રહી શકતું નથી. કારણ કે આધાર ચાલ્યો જતાં સુખ, દુઃખમાં પરિણમે છે.

દિવસે દિવસે સંસારમાં દુઃખ વધી રહ્યું છે જેને પણ મળો, તે પોતાના દુઃખની કથા કહેવાનું શરૂ કરી દે છે. વિશેષ રૂપે પરિવારના સંબંધોમાં દુઃખ જલદીથી વધી રહ્યું છે જો કે તેમાં મનુષ્યનાં કર્મ તથા સંસ્કાર જ કારણભૂત છે. તો બીજાઓનો સ્વાર્થ તથા દુર્વ્યવહાર પણ એનું મૂળ કારણ છે.

સ્વયંને બદલો

આપણે સુખ ઈચ્છીએ છીએ તો આપણે સ્વયંને બદલવા પડશે. જો આપણે આપણા દુઃખોનું કારણ બીજાઓમાં શોધતા રહીશું, તો કદી પણ સુખી થઈ શકીશું નહીં. આપણે એ યાદ રાખવું જોઈએ કે આપણી સાથે જે કંઈ થઈ રહ્યું છે એના માટે જવાબદાર આપણે જ છીએ.

સ્વયંને સહનશીલ બનાવવા, સ્વયંની વાત કરવાની ઢબ પણ મધુર બનાવવી, સ્વયંના સંસ્કારોને સરળ તથા સુખદાયી બનાવવા આ સુખી રહેવાની વિધિ છે. આપણે બદલીશું, તો બીજાઓ પણ બદલાશે. જો આપણે બીજાઓના બદલવાની રાહ જોઈશું, તો તેઓ પણ આપણા બદલવાની રાહ જોશે. આ રાહ જોવાની ઘટના ક્યારેય પૂરી નહીં થાય. એક માણસ વિચારે છે કે બીજી વ્યક્તિ કડવું બોલે છે તેથી મારું સુખ નષ્ટ થઈ જાય છે. તે મીઠું બોલે, તો હું સુખી રહું. પણ જો તે મીઠું નહીં બોલે, તો શું તમે જીવનભર દુઃખી જ રહેશો. ના તે કડવું બોલતો રહે, આપણે આપણી સહનશક્તિ વધારી દઈએ, તો સુખી બનીશું.

આપણે જેવું બોલીશું, તેવું જ સાંભળીશું. આપણે સુખ આપીશું, તો સુખી બનીશુ. આપણે ખુશી વહેંચીશું તો ખુશી બમણી થઈને આપણી પાસે આવશે. દાતા બનીશું તો સુખી રહીશું.

લાગણીશીલ ના બનો

આજે મનુષ્યનું મન એટલું નિર્બળ થઈ ગયું છે કે તે થોડી થોડી વાતમાં વધારે વિચારે છે. એને લાગણીશીલ સ્વભાવ કહેવાય છે. કેટલીયે કન્યાઓ વિશેષ રૂપે વધારે લાગણીશીલ છે કારણ કે તે બીજાઓ પાસેથી વધારે અપેક્ષાઓ રાખે છે. એને પરિણામે દરેક વાતનો પ્રભાવ એમના મસ્તિષ્ક પર પડે છે. એનાથી તે વધારે દુઃખી રહે છે. તેઓ તૃપ્તિ નજરોથી બીજાઓ તરફ જુએ છે કે કોઈ એને પ્રેમ આપે, સન્માન આપે.

આપણે સ્વયંને એટલા શક્તિશાળી બનાવવાના છે કે કોઈપણ વાત આપણા મસ્તિષ્કમાં ઘૂસે નહીં. એટલા માટે સ્વયંને વિશાળ હૃદયી બનાવીએ. કોઈ આપણને કંઈ પણ ના કહે

એવા નાજુક ના બનો. એનાથી અંદરમાં ડર પણ વધે છે અને વીલપાવર પણ નષ્ટ થાય છે.

એટલા ખુલ્લા દિલના બનીએ કે સંસારમાં કોઈપણ આપણી ખુશી છિનવી ના શકે. હસીને સર્વ વાતને સમાપ્ત કરી દઈએ. એટલા માટે ઈશ્વરીય જ્ઞાન લઈને એનું ચિંતન કરીએ. એનાથી વિચાર વિશાળ બનશે અને આપણે નાની નાની વાતોમાં લાગણીશીલ પણ બનીશું નહીં. સંકલ્પ કરો કે મારે કોઈ વાતથી લાગણીશીલ બનવું નથી. તો સદા સુખી રહીશું.

શક્તિશાળી બનવા માટે શક્તિશાળી સંકલ્પ, સ્વમાન તથા રાજયોગનો અભ્યાસ ઘણો જરૂરી છે. હું સર્વશક્તિવાનનું સંતાન માસ્ટર સર્વ શક્તિવાન છું. આ સ્મૃતિ આપણને શક્તિશાળી બનાવશે. સર્વ શક્તિવાન મારી સાથે છે આ નશો લાગણીશીલતાને ખતમ કરશે. પરંતુ આ બંને સ્મૃતિઓ આખા દિવસમાં ઓછામાં ઓછી દસ વાર તો કરવી જ પડશે.

સંતુષ્ટ આત્મા બનો

'संतोषम् परम सुखम्' મનુષ્યની અસીમિત ઈચ્છાઓ એના દુઃખોમાં વૃદ્ધિ કરી રહી છે. ઈચ્છાપૂર્ણ કરવા માટે એના ધન, સંકલ્પશક્તિ તથા સમયનષ્ટ થાય છે. એનાથી મન નબળું થાય છે અને મહેનત પછી પણ જ્યારે ઈચ્છા અપૂર્ણ રહી જાય છે તો દુઃખમાં વધારે વૃદ્ધિ થાય છે. એટલા માટે યાદ રાખો - જેટલી ઓછી ઈચ્છાઓ એટલું જ વધારે સુખ.

બ્રહ્માવત્સ સ્વયંને પૂછે કે શું ભગવાનને મેળવીને આપણે સંતુષ્ટ થયા? જો કોઈ મનુષ્ય ભગવાનને મેળવીને પણ સંતુષ્ટ ન હોય તો એને શું કહીશું? જે કંઈ આપણી પાસે છે એને સહજ ભાવથી પ્રાપ્ત કરવામાં લાગી જાઓ. જે કંઈ આપણી પાસે છે એનો આનંદ માણો અને સંતુષ્ટ રહો. જે કંઈ આપણી પાસે નથી એને સહજ ભાવથી પ્રાપ્ત કરવામાં લાગી જાઓ. કેટલાક મનુષ્ય વર્તમાનનો પણ આનંદ લઈ રહ્યા નથી અને ભવિષ્ય માટે એટલા ભાગે છે કે તેઓ પરેશાન રહે.

સ્વીકાર કરી લો

જેમ જેમ સંસારમાં પાપ વધતાં જાય છે તેમ તેમ દુઃખ પણ વધતાં જાય છે. જેનું પુણ્યનું ખાતું વધારે હશે તેટલા તે સુખી રહેશે. આ કલિયુગનો અંત છે. અહીં બીમારીઓનો પ્રકોપ પણ વધતો જાય છે. બીમારીઓમાં પણ જેટલા હળવા રહીશું તેટલી બીમારીઓ જલદીથી દૂર થશે.

આપણે મહાવિનાશની તરફ આગળ વધી રહ્યા છીએ. અહીં સામૂહિક મોતની ઘટનાઓ પણ દિવસે દિવસે વધતી જશે. જેનો આપણે સ્વીકાર કરવો પડશે તથા સ્વયંને તૈયાર પણ કરવા પડશે. આપણે ખુશીથી પાપ કર્યા છે. તો ખુશીથી ભોગવવાં પણ પડશે. આ સૃષ્ટિ ઉપર જે કંઈ બનશે એમાં કોઈનું કંઈ ચાલી શકશે નહીં. આપણે એ સદા યાદ રાખવું પડશે કે હવે સર્વ આત્માઓને કર્મોનો હિસાબ કિતાબ ચુક્તે કરીને ઘેર પાછા ફરવાનું છે.

તો આવો, અત્યારથી જ આપણે દુઃખોથી મુક્ત રહેવાનું શીખીએ. ગમે તે થઈ જાય પણ આપણને દુઃખનો સ્પર્શ ના થાય ત્યારે આપણે માસ્ટર દુઃખ હર્તા બની શકીશું. જો દુઃખ દૂર કરનારા જ દુઃખી બનવા લાગશે તો અન્ય આત્માઓનું દુઃખ દૂર કોણ કરશે? ભગવાનુવાચ છે કે સંસારમાં હવે દુઃખોના પહાડ પડવાના છે. એટલે સ્વયંને ઈશ્વરીય સુખોથી અને રાજયોગના બળથી એટલા ભરપૂર કરી લઈએ કે દુઃખ આપણને દુઃખ લાગે જ નહીં. **॥ઓમશાંતિ ॥**

સંસ્કાર મિલનના ગરબા રાસ

બ્ર.કુ. ગીતાબેન, શાંતિવન, આબુરોડ

સંસ્કાર રૂપી અદ્‌ભુત ખેલની એક અનોખી વિશેષતા છે કે અહીં દરેક આત્મા રૂપી એક્ટરના સ્વભાવ સંસ્કાર અલગ અલગ છે. એક સરખા હોતા નથી. બે વ્યક્તિ વચ્ચે ગમે તેટલું સરખાપણું હોય તો પણ કાંઈને કાંઈ ભિન્નતા જરૂર હોય છે. ત્યારે શું આપસમાં ક્યારેય તાલમેલ ન થઈ શકે? તો તો પછી શું આપસમાં ટકરાવ જ થતો રહેશે? ત્યારે તો આપસી સંબંધમાં ક્યારેય સમરસતા અને મધુરતા થઈ જ ન શકે?

ગમે તેટલું મોટું સંગઠન હોય છતાં આપસમાં સંસ્કારોનું મિલન ન હોય તો તો જીવન જીવવું, કોઈ મોટું કાર્ય કરવું મુશ્કેલ બની જશે.

બીજી તરફ મનુષ્ય તો સામાજિક પ્રાણી છે. તે એકલા તો જીવી ન શકે. જન્મ જન્માંતરથી આપણને પરિવારના સંબંધોમાં રહેવાનો અભ્યાસ છે. આપણામાં ભાવનાઓ છે, સંવેદનાને ઊર્મિઓ છે. એટલા માટે જ આપણે સંબંધોમાં બંધાઈએ છીએ. જો ભિન્નતા જ સંસાર નાટકની મૂળભૂત ચીજ હોય તો પછી સંબંધોમાં સુખ ક્યાંથી મળી શકે? આ અદ્‌ભુત સંસાર-નાટક જેના નિર્દેશક ખુદ ભગવાન છે તો એવું તો કેવું રચ્યું જેમાં નિસંગતીઓ જ હોય? વિચારવાની વાત છે. દરેક રચનાકાર પોતાની રચના સર્વોત્તમ જ બનાવવાનું ઈચ્છે છે. ભગવાને રચેલ આ સંસાર રૂપી નાટક પણ યથાર્થ અને સુનિયોજિત જ હોઈ શકે છે. સંસાર રૂપી નાટક પ્રકૃતિ અને પુરુષ (ચૈતન્ય શક્તિ આત્મા)નું બનેલ છે. પશુ પક્ષીને પ્રકૃતિ જગત તો મનુષ્યાત્મા પ્રમાણે જ વર્તે છે એટલે પ્રકૃતિ જગત તો બિલકુલ આપણી સાથે ખરો સાથ નિભાવે છે. વાત છે આપણા મનુષ્યાત્માઓની આપણે પોતાનામાં સંબંધોમાં અને કાર્યક્ષેત્રમાં તાલમેલ બેસાડવાની જરૂર છે.

ખરેખર ચોક્કસપણે સંસારચક્રનો કોઈ સમય એવો રહ્યો છે જ્યારે મનુષ્યાત્માઓ આપસમાં પણ સંસ્કાર મિલનનો રાસ રચીને સુખમય અનુભવમાં રહેલ છે. ત્યારે તો ફરી ફરી એવું સુખ મેળવવાની ઈચ્છા આપણને થાય છે. આપણને કલહ, કલેશ, ટકરાવ, અણબનાવ, મનભેદ, મતભેદ, લડાઈ ઝગડા પસંદ નથી આવતા. હકીકતમાં હળીમળીને જ આપણે પ્રગતિ કરી શકીએ છીએ.

દરેક પ્રાંતના મનોરંજન કાર્યક્રમમાં લોક-નૃત્ય જે પણ થાય છે. પછી તો ગુજરાતના ગરબા રાસ હોય, પંજાબના ભાંગડા હોય કે પૂર્વોત્તરે વિભાગના નૃત્ય હોય, દરેકે પ્રાંતના લોકનૃત્યમાં તાલ મેળવવાનો રાસ જોવા મળે છે. સતયુગી સ્વર્ગીય દુનિયાના પણ શ્રીકૃષ્ણ અને ગોપગોપીઓના, દેવી દેવતાઓના નૃત્ય-રાસ જોવા મળે છે. એ વાત સ્પષ્ટ છે કે આનંદનો આધાર તાલ મેળવવામાં છે, તેમાં જ વિકાસ છે. વિખવાદમાં વિનાશ છે. સંવાદમાં જ વિકાસ છે.

આજ વ્યક્તિગત જીવનથી લઈને પારિવારિક સામાજિક કાર્યક્ષેત્રીય જીવનમાંતેની તાતી જરૂર છે. આપસમાં સંબંધોમાં અથવા સાથીઓમાં સંસ્કાર મિલન ન થવાને કારણે જ

વ્યક્તિ એકબીજાથી ભારે થઈ જાય છે. સહજ રીતે એકબીજા સાથે ચાલી કે રહી નથી શકતી અંદરોઅંદર બેસમજી અને ગેરસમજણ તથા અનર્થોનું કારણ એ જ છે. જે આપણને એક-બીજાથી દૂર કરે છે.

આપણે ખરેખર આપસમાં તાલમેલ બેસાડવા ઈચ્છીએ છીએ. તો પહેલાં આપણે પોતાના વ્યક્તિત્વમાં જ સમરસતા લાવવાની જરૂર છે. આપણું વિચારવું બોલવું અને કરવું એમાં એકરસતા નથી. આપણે વિચારીએ છીએ કંઈક, બોલીએ છીએ બીજું કંઈક અને કરીએ છીએ વળી ત્રીજું કંઈક, આપણે કંઈક છીએ અને બતાવીએ છીએ કંઈક બીજું, આવા વ્યક્તિત્વની સાથે ચાલવું કોઈને પણ મુશ્કેલ થઈ જાય છે. જે હમણાં બોલે છે. તરત બદલી જાય છે. અનુભવના આધારે આપણે બતાવી શકીએ કે જ્યારે આપણે પોતાના સત્ય સ્વરૂપને, પોતાના વાસ્તવિક પરિચયને જાણી લઈએ છીએ અને રોજ પોતાની સત્યતા - વાસ્તવિકતાને સ્વીકારીને તેમાં સ્થિત થવા પ્રેક્ટિસ કરીએ છીએ તો આપણા જીવનમાં પણ વાસ્તવિકતા ધારણ થઈ જાય છે. બનાવટ દેખાડો, દંભ, ઢોંગ, ખત્મ થવા લાગે છે. આપણે વધુ વિશ્વાસને પાત્ર બનીએ છીએ અને લોકો આપણી સાથે જોડાવું પસંદ કરે છે. કેમ કે તેમને દગો થશે નહિ.

ખુદ નિરાકાર જ્યોતિબિંદુ સ્વરૂપ શિવ પરમાત્મા પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્માના માધ્યમ દ્વારા આપણા અનેક જન્મોની ભક્તિના ફલસ્વરૂપ હાલમાં જે સત્ય ઈશ્વરીય જ્ઞાન આપી રહ્યા છે તે મુજબ પ્રત્યેક આત્મા પોતાના અસલી સ્વરૂપમાં સત્ય છે. શુદ્ધ છે. શાંત છે. આપણા બધાંનો સ્વધર્મ જ છે શાંતિ, પવિત્રતા, સુખ, આનંદ અને પ્રેમ... જો રોજ પોતાના સ્વરૂપનું અને ગુણોનું ચિંતન કરતાં રહીએ અને આખો દિવસ વહેવારમાં લાવવાનો પ્રયાસ કરતાં રહીએ તો આપણા સંસ્કાર, આચાર વિચાર, વ્યવહાર શુદ્ધિ દિવ્ય થવા લાગે છે. પછી દરેક સાથે પછી ભલે અલગ અલગ સ્વભાવ હોય આદત હોય - દિવ્ય વ્યવહાર કરી શકીશું અને આપસી અથડામણથી બચી જઈશું.

આપણે બીજાના માલિક નથી બની શકતા. પરંતુ પોતાના માલિક તો બની જ શકીએ. આપણે કોઈ સાથે આથડીશું નહિ. આપણે સમસ્યાનું કારણ નહી બનીએ. આપણે સમાધાનનો રાહ અપનાવીશું. જો આવી પોતા માટે દૃઢ ધારણા બનાવીએ તો સારો તાલમેલ થઈ શકે. વ્યવહારિક જીવનમાં અલગ અલગ સ્વભાવ સંસ્કારવાળા આત્માઓ સાથે આપણે કામ કરવાનું હોય છે. જો આપણે એ સમજનું ભાન રાખીએ કે વિશ્વ નાટકમાં દરેક આત્મા રૂપી એક્ટરનું પોતપોતાનું અલગ અલગ પાત્ર છે. આપણે જ્ઞાન સ્વરૂપ બનીને દરેક આત્માનું પાત્ર સમજવાનું છે. શા માટે શું કેવી રીતે જેવા પ્રશ્નોમાં મનની શાંતિ ન ગુમાવીને જે આત્મા જેવો પણ છે. પ્રભુસંતાન છે. વિશ્વ પરિવારનો સભ્ય છે. આપણો આત્મા રૂપી ભાઈ છે. એવું પ્રેમથી સ્વીકારીને સ્નેહ અને સન્માનથી વહેવાર કરવાનો છે. તો આપણો પ્રેમભર્યો આ સ્વીકાર પોતાપણાની અનુભૂતિ કરાવશે અને દિલનું અંતર, ભારેપણું ખતમ કરશે. બીજા હર આત્માના પાત્રને સાક્ષી બનીને જોઈએ કારણ વગર ચંચુપાત ન કરીએ. કેટલીવાર જે ટકરાવ થાય છે તે આપણે સાવ બીનજરૂરી આમંત્રિત કરીએ છીએ. દરેક આત્મા સ્વતંત્ર છે. વાણીથી શિક્ષણ સુધાર કરવાને બદલે આપણે આપણા શ્રેષ્ઠ યથાર્થ કર્મથી પ્રેરણા આપવાનું કાર્ય કરીએ. અંતર મનથી એક બીજા પ્રત્યે શુભભાવના - શુભકામના રાખીએ. રહેમ અને સ્નેહનો ભાવ

રાખીએ. તો સારી રીતે મેળ મિલાપ થઈ શકે છે. આપણે સંગઠન-પરિવારમાં પણ સફળ થઈ શકીએ છીએ... કેટલીકવાર પરિસ્થિતિ એવી બને છે કે આપણે ટકરાવ નથી કરતા બીજા ખુદ ટકરાવવા આવે છે. તો આપણે પોતાને ન્યારા કરી દેવાના છે. આપણે રસ્તાની સાચી બાજુએ ચાલી રહ્યા છીએ પરંતુ સામેથી કોઈ વાહન-ટ્રક ખોટી સાઈડ ઉપર આવી રહેલ છે તો આપણે પોતે સાવધાન થઈને તેનાથી બચી જઈએ છીએ એવી જ રીતે આપસી સંબંધોમાં પોતાને સુરક્ષિત કરી લઈએ. પોતાના શાંતિ અને આનંદને ભંગ ન કરીએ. એ સમયે આપણે ગુસ્સો કરીએ. પ્રતિભાવ આપીએ તો વાત સુધરવાને બદલે વધુ બગડે છે. સમય-શક્તિનું ધન બગડે છે. એટલે આપણી સુરક્ષા રાખીને ચાલવાનું છે. જેથી આપણી માનસિક શાંતિ - સ્વસ્થતા અને સમતોલન જળવાઈ રહે.

છેલ્લે છેલ્લે આપ એ પણ વિચારો કે આખરે આપણે કોના-કોનાથી જુદા થઈશું? દૂર ભાગીશું? વળી જીવનમાં આપણને દરેકની જરૂરત તો રહેશે.

કહેવાય છે કે જે કામ સોયથી થાય છે તે તલવારથી નથી થતું. આપણને સોયની જરૂર છે તો તલવારની પણ જરૂરત છે.

આપણો ભારત દેશ તો વિવિધતામાં એકતાની વાતથી જ સુપ્રસિદ્ધ છે. આપણી સંસ્કૃતિએ દરેક દેશ-જાતિની સંસ્કૃતિનો સારાંશ પોતાનામાં સમાવીને વધુ વિશાળ સ્વરૂપ પોતાનું બનાવ્યું છે.

આપને ખ્યાલ રહે કે ભગવાન પણ આ ભૂમિને જ સ્વર્ગ બનાવવા ઈચ્છે છે. કલિયુગના આ અંતિમ સમયે વિશ્વપરિવર્તનની ઘડીએ ભગવાન જે સતયુગી દુનિયા સ્થાપન કરી રહ્યા છે તેમાં સિંહ

(અનુસંધાન પેજ નં. 23 પર)

(પેજ નં. 19નું અનુસંધાન)... દ્રૌપદી મુર્મુ

છે એમના વધી ગયેલા આત્મવિશ્વાસ તરફ પણ નજર નાખજો. તમામ દીકરીને ભણવા માટે કે વ્યવસાય માટે પ્રોત્સાહન આપવા માટે આથી મોટું પ્રેરક બળ બીજું શું હોય? જ્ઞાતિના તફાવત, સ્ત્રી-પુરુષના તફાવત, બેન્ક બેલેન્સના તફાવત કે કથિત્ રંગના તફાવતને કારણે કુંઠિત થઈ ગયેલી માનસિકતાનો છેદ ઉડાવતું જીવંત ઉદાહરણ એટલે ભારતના નવ નિયુક્ત રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ.

દેશની તમામ મહિલાઓના સપનાંને પૂરા કરનાર આ સ્ત્રી પાસેથી હવે સુશાસન અને સંતુલિત નેતૃત્વની અપેક્ષા છે. ॥ઓમશાંતિ॥

(પેજ નં. 08નું અનુસંધાન)... અમૃતધારા

અંદરથી ખાલી કેમ છું? ઉદાસ કેમ છું ? ક્યારેક એવી વાત બને છે જ્યારે જ્ઞાન પણ માથાનો દુખાવો લાગે છે. અંદરમાં યુદ્ધ ચાલે છે. એક યુદ્ધ પૂરું થતું નથી ત્યાં બીજી સમસ્યા આવી જાય. ઊંદર જાય છે, તો બિલાડી આવે છે. બિલાડી જાય છે તો કૂતરો આવે છે. આ તો કોઈ મને છોડતું જ નથી. પરંતુ અંદર એવી તાકાત જોઈએ જેથી માયારૂપી દુશ્મન નજીક આવવાની હિંમત ના કરે. એટલો પોતાનો ઉપર પહેરો જોઈએ. એટલે બાબા કહે છે કે યાદ અને સેવાનું ડબલ લોક (તાળું) લગાવી રાખો. એટલા ખબરદાર, હોંશિયાર રહો તો કદી કોઈ આપણો ખજાનો લૂંટી શકે નહીં. ખાલી કરી શકે નહીં. ખાલીપણું છે તો અંદર કંઈક છિદ્ર છે, ખામી છે. મોટા છિદ્રથી ઝડપી, ક્રેકથી ધીરે વહી જાય છે. આવું પોતાને સંભાળનાર કદી ખાલી નથી હોતો. ગમે તેટલું સાંભળો પણ અંદરથી સંપન્ન રહેવાના, સંપૂર્ણ બનવાના લક્ષ્યને ભૂલીએ નહીં.

॥ ઓમશાંતિ ॥

દ્રૌપદી મુર્મુથી મહામહિમ સુધી

સૌજન્ય - મધુરિમા

વિશ્વની મોટી અને સક્ષમ લોકશાહીમાં ઉચ્ચતમ સ્થાને એક મહિલાનું હોવું એ સામાજિક, લૈંગિક અને આર્થિક સમાનતાની અભિવ્યક્તિ છે.

64 વર્ષીય દ્રૌપદી મુર્મુ રાષ્ટ્રપતિ બન્યાં છે એટલે દેખીતી રીતે જ તેમનું જીવન બદલાઈ જશે, પરંતુ એક ઘરેલું સ્ત્રી તરીકેની વાત છે ત્યાં સુધી તેઓ એક સરેરાશ ભારતીય સ્ત્રીથી ભિન્ન નથી. દુનિયા ભલે તેમને 'મેડમ પ્રેસિડેન્ટ' કહે અથવા આપણે તેમને 'આદિવાસી રાષ્ટ્રપતિ' તરીકે ઓળખીએ, પણ આ લેબલની પાછળ એક એવી સ્ત્રી છે જેમાં ભારતની સાધારણ સ્ત્રીઓની ઝલક છે. એ સવારે 3 કલાકે ઉઠે છે અને ધ્યાનક્રિયા કરે છે. **2020માં 25 વર્ષના પુત્રના આકસ્મિક અવસાન પછી દ્રૌપદી અંદરથી તૂટી ગયાં હતાં અને બે મહિના સુધી ડિપ્રેશનમાં રહ્યા હતા. તેમાંથી બહાર નીકળવા માટે બ્રહ્માકુમારી સંસ્થામાંથી મેડિટેશન શીખ્યા જેની પ્રેક્ટિસ આજે પણ ચાલુ છે. તેઓ આજે પણ સવારે 5.00 કિલોમીટર ચાલે છે અને યોગ કરે છે.**

વિશ્વની મોટી અને સક્ષમ લોકશાહીમાં ઉચ્ચતમ સ્થાને એક મહિલાનું હોવું એ સામાજિક, લૈંગિક અને આર્થિક સમાનતાની અભિવ્યક્તિ છે. સામાજિક વિકાસ તરફનું એક નક્કર પગલું પણ સાબિત થઈ શકે. રાજકારણના તમામ દાવ-પેચ બાજુ પર મૂકીને સંતુલિત ભાવે સર્વોચ્ચ સ્થાને બિરાજતી સ્ત્રી શક્તિને જોઈએ તો રાષ્ટ્રે સ્ત્રી શક્તિને આપેલું આ એક સન્માન છે. દ્રૌપદી મુર્મુ અનેક પડકારો ઝીલીને અડીખમ રહેલી એક સરેરાશ ભારતીય સ્ત્રીનું પ્રતિનિધિત્વ કરે છે. અંગત આઘાતો, નિરાશાઓ અને અસહ્ય ઘટનાઓ ઉપરાંત સામાજિક વિષમતાઓ, અન્યાય જેવા સંઘર્ષ જ્યારે જીવનનો ભાગ બને ત્યારે કોઈ સ્ત્રી શું કરે? નિરાશ થઈને હારી જવું કે કોઈ પણ પ્રકારની આશા ખોઈ બેસવી એ આપણી સામાન્ય પ્રતિક્રિયા હોય છે. પ્રત્યેક સૂર્યોદય સાથે નવી આશા અને અર્થ જન્મે છે એ બોલવું જેટલું સરળ છે એટલું જીવવું નથી. રોજ જીવાતી જિંદગીમાં તો ગઈકાલના અંધારા દિવસે પણ આંખો સામે આવીને આપણી દૃષ્ટિ ધૂંધળી કરી નાખે છે, પરંતુ દ્રૌપદી મુર્મુએ દરેક અવરોધને ઓળંગીને જીવનને વધુ સકારાત્મક ઓપ આપ્યો. ક્લાસ મોનિટરથી શરૂ કરેલ નેતૃત્વ આજે રાષ્ટ્રપતિની ખુરશી સુધી પહોંચી શક્યું એની પાછળ એક સ્ત્રીની હિંમત અને ખાસ કરીને જીવન પ્રત્યેનો અભિગમ જવાબદાર છે. ઓડિશાથી દિલ્લી અંદાજે 1600 કિલોમીટર થાય, ટ્રેનમાં સફર કરીએ તો લગભગ અઠ્યાવીસ કલાક થાય અને એમાં પણ જો એક સાવ નાના ગામમાંથી જવું હોય તો બીજા ચાર-પાંચ કલાક ઉમેરી લેવાના. ઓડિશાના મયૂરભંજ જેવા ગામથી નવી દિલ્હીની સફરમાં દ્રૌપદી મુર્મુને અમુક કલાકો નહીં પરંતુ વર્ષો લાગ્યા કારણ કે એમની સફરની શરૂઆત વખતે અંતિમ પડાવ રાષ્ટ્રપતિની ખુરશી નહીં પણ મક્કમ મુસાફરીની મહેચ્છા હતી. શિક્ષકથી મહામહિમ બનતા આ મહિલા પોલિટિકલ માસ્ટર સ્ટ્રોકના હિસ્સો છે કે નહીં એની ચર્ચા તો થશે પરંતુ એ સાથે ભારતના જે સમુદાયમાંથી તે આવે

(અનુસંધાન પેજ નં. 18 પર)

સહનશીલતા...એક અદ્‌ભુત શિલ્પકાર....

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુરોડ.

જાપાનના સમ્રાટ યામાતોનાં એક મંત્રી હતા ‘ઓ-ચો-સાન’. મંત્રીના પરિવારમાં લગભગ એક હજાર સભ્યો હતા, પણ બધામાં ગજબની એકતા હતી. બધા સભ્યો સાથે મળીને રહેતા, સાથે ભોજન કરતા. એ વિશાળ પરિવારની એકતાની વાતો દૂર-દૂર સુધી ફેલાયેલી હતી. ઓ-ચો સાનના પરિવારની એકતાની વાત સમ્રાટ યામાતોના કાને પણ પહોંચી. તેથી સત્ય જાણવાં એક દિવસ બાદશાહ પોતે ઓ-ચો-સાનની સાથે તેના ઘરે પહોંચ્યા. સ્વાગત-સત્કારની વિધિ પત્યા પછી સમ્રાટ યામાતોએ પૂછ્યું, ‘ઓ-ચો, મેં તમારી કૌટુંમ્બિક એકતાની ગૌરવગાથા અને ખુશી-સમૃધ્ધિની વાતો સાંભળી છે. તમારા ઘરમાં એક હજારથી વધુ સભ્યો ઝઘડા કર્યા વિના શાંતિથી કેવી રીતે રહી શકે છે? છેવટે, દરેકના ગાઢ સંબંધ અને અખંડ કુટુંબનું રહસ્ય શું છે?’ ઓ-ચો-સાન વૃદ્ધ હોવાને કારણે બહુ બોલી નહોતા શક્તાં. આથી તેમણે પૌત્રને કાગળ અને કલમ લાવવા ઈશારો કર્યો. તેઓએ ધ્રુજતાં હાથે જેમ-તેમ સો શબ્દો લખ્યા અને કાગળ સમ્રાટને આપ્યો. સમ્રાટ યામાતો લાંબા સમય સુધી ઉત્સુકતાને રોકી ન શક્યા, તેમણે કાગળ વાંચવાનું શરૂ કર્યું, તો તે આશ્ચર્યથી સ્તબ્ધ થઈ ગયા, કારણ કે કાગળ પર એક જ શબ્દ સો વખત લખેલો હતો અને તે શબ્દ હતો - 'સહનશીલતા'!

ઓ-ચો-સાનના પરિવારના સભ્યોની 'સહનશીલતા' પ્રશંસનીય હતી! ખરેખર, જે પરિવારના તમામ સભ્યો સ્વભાવથી જ જન્મજાત સહનશીલ હોય, જે નાની-મોટી તકલીફો હસતાં-હસતાં સહન કરી લેતાં હોય, એકબીજાની સારી-ખરાબ, કડવી-મીઠી વાતો પ્રેમથી પચાવી લેતા હોય, વિષમ સ્વભાવ-સંસ્કાર હોવા છતાં સહજતાથી એકબીજાનાં સંસ્કારને સ્વીકારતાં હોય, જાણે તેમના લોહીમાં સહનશીલતા ઘોળાયેલી હોય. તેમાં પણ ખાસ પોતિકાઓ માટે જીવવું-મરવું જેને શીખવવું નથી પડતું... આવા સહનશીલ સભ્યો રૂપી શિલાઓથી બનેલ મજબૂત કિલ્લા રૂપી કુટુંબને કોણ તોડી શકે? જે પરિવારમાં સહનશીલ આત્માઓ જન્મ લે છે, તે ઘર પણ સ્વર્ગ જેવું સુખદાયી બની જાય છે.

આજે તૂટેલા પરિવારોમાં, સહનશીલતાના અભાવને કારણે સંબંધો વણસતા જણાય છે. જો કુટુંબીઓમાં થોડી પણ સહનશીલતા ન હોય તો બાળ-ગોપાલોથી ગુંજતું ગોકુળ જેવું ઘર વેરવિખેર થવામાં વાર નથી લાગતી. આમ પણ, પારિવારિક ઝઘડો કે ઘરેલું હિંસા, માનસિક હલચલ કે ઉદ્વેગ, ટેન્શન કે તણાવ તથા વ્યક્તિગત અશાંતિથી લઈને વૈશ્વિક યુદ્ધ જેવી તમામ સમસ્યાઓનું એકમાત્ર મૂળ છે - સહનશીલતાનો સર્વત્ર દુકાળ! કોઈ અપશબ્દ કહે, ખરાબ વર્તન કરે, દુષ્પ્રચાર કરે તો સહેજે બદલો લેવાની દુર્ભાવના પેદા થાય છે, પરંતુ બદલો લેવો એ કાયમી ઉકેલ નથી! ઈંટનો જવાબ પથ્થરથી આપવો એ તો સહેલું છે, પણ તે ફક્ત મનની બડાશ ઠાલવવાનો ક્ષણિક ઉપાય છે. પથ્થરનો ઘા ખાનાર પણ જવાબમાં પથ્થર ફેંકીને હિંસા કરી શકે છે, પછી એકવાર શરૂ થયેલો પથ્થરમારો કોઈનું માથું ફોડીને કે કોઈનો જીવ લઈને જ બંધ થાય છે, તેનાંથી તો ફક્ત સર્વનાશ જ થાય છે... પણ આવું થતું રોકવા માટે જો કોઈ બ્રહ્માસ્ત્ર હોય તો તે માત્ર સહિષ્ણુતા

જ છે! કૌટુમ્બિક સુખ તેમજ વિશ્વશાંતિ સહિષ્ણુતા દ્વારા જ શક્ય છે.

સમયની પોકાર છે - સહિષ્ણુતાનો મર્મ-મહત્વ અને અર્થ જાણી સહનશીલ બનો! સહનશીલતા અર્થાત દુઃખ આપનારને ક્ષમા કરી તેમનું ભલુ ઈચ્છવું, નિંદા કરનાર માટે શુભચિંતન કરવું કે શુભકામનાઓ કરવી, તંગ કરનાર નબળો છે - એવું સમજી અને હેરાન કરનાર - ઈર્ષ્યા-દ્વેષ, ક્રોધ વગેરે વિકારોથી ઘેરાયેલો છે - તેવું માની તેને ઉદારતાથી ક્ષમા કરવી તથા અસાધ્ય રોગમાં ધીરજ ધરી ખુશ રહેવું, નુકશાનની સ્થિતિમાં માનસિક સંતુલન જાળવવું વગેરે પણ સહનશીલતા છે. દયાળુ-કૃપાળુ ઈશ્વર જેવી મનની ધીરજ, હ્રદયમાં પ્રેમ ભરી, બુદ્ધિને વિશાળ બનાવી, વિવિધ વ્યક્તિઓનાં વિભિન્ન સંસ્કારો સાથે સુમેળ સાધવો અને કોઈ ગમે તેટલો સારો કે ખરાબ હોય, દરેક ગુણ-અવગુણને સાગર સમાન હૃદયમાં સમાવવા એ પણ સહનશીલ હોવું છે. આ મારાં, આ પરાયા - આવો ભેદભાવ ન રાખી, બધા ઉપર સમાન સ્નેહ-પુષ્પોની વર્ષા કરવી તથા અપકારી પર ઉપકાર કરવો એ જ ખરા અર્થમાં સહનશીલતા છે.

સહનશીલતા જ વિકૃત મનોવૃત્તિ, વિરોધી પ્રવૃત્તિ અને વિષમ સંજોગોમાં પણ અંગદની જેમ અચલ રહેવા માટેનું અખૂટ બળ પૂરું પાડે છે. જે આ દિવ્ય ગુણ ધારણ કરે છે તે જ મહાન બને છે. માણસને દેવત્વ આપનાર દિવ્યગુણ છે - સહન-શીલતા! તે વિવેકશીલનું સુંદર વસ્ત્ર, ચરિત્રવાન મનુષ્યનું અલૌકિક આભૂષણ અને દેવતાઓનો દિવ્ય શણગાર છે. જે અન્ય લોકોની ટીકા-ટિપ્પણીને સરળતાથી સહન કરી લે છે, તેઓ જ શાંત મનથી આપદાઓ સામે લડી શકે છે! કોઈ ગમે-તેમ બોલે, તિરસ્કાર કરે, નીચા દેખાડે, વારે-વારે અપમાન કરે અથવા અપમાનના કડવા ઘૂંટડા પિવડાવે તો પણ જે કર્મયોગી સહનશીલ બની, પોતાનાં માર્ગ પર આગળ વધે છે, તે સહિષ્ણુતાનાં જાદુથી ક્રૂર સ્વભાવની કઠોર વ્યક્તિનું પણ હૃદય પરિવર્તન કરે છે અને લોકોનાં અમૂલ્ય આશીર્વાદથી પોતાની ઝોળી ભરી વિશ્વ-સમ્રાટનું પદ પ્રાપ્ત કરે છે. સહન કરનાર જ શહેનશાહ અને બેગમપુરનાં બેફિકર બાદશાહ પણ બને છે. ભગવાન પણ તેમના પર દુઆઓની સંપત્તિ લૂંટાવે છે અને તેમની જ લાંબા સમય પછી કિંમત થાય છે.

પરંતુ તેનાથી વિપરીત, નિંદકની કાના-ફૂસીને કારણે લજામણીના છોડની જેમ મુરજાઈ જાય, એવા નાજુક સ્વભાવી વ્યક્તિના ચહેરા પરથી ખુશી અદૃશ્ય થઈ જાય છે, આવી વ્યક્તિ ક્ષણે ક્ષણે મરતી રહે છે. વ્યક્તિમાં જો સહનશીલતા ન હોય તો રૂપવાન, ધનવાન કે બળવાન હોવા છતાં પણ કોઈપણ ક્ષેત્રમાં કાયમી સફળતા નથી મેળવી શકતા. અસહિષ્ણુતાને કારણે રડવું, ગુસ્સો કરવો, ચિડાઈ જવાના સંસ્કાર મજબૂત બનતા જાય છે અને પોતાપણાંની મીઠાશથી ભરેલા મિત્રો-સંબંધીઓ પણ પારકાં બનીને દૂર જતા રહે છે. જીવનની સુખદાયી સફરમાં સાથ આપનાર, હૃદયને જોડી રાખનાર રેશમી સંબંધો તૂટતાં વાર નથી લાગતી. ઊલટું, જેઓ સહનશીલ બની માન-અપમાન સહન કરતાં કરતાં, વિશાળ હૃદય રાખી અપમાન-અપકારને સહેલાઈથી પચાવી જાય છે અને અપશબ્દરૂપી કાંટા મૂજ મૂર્તિને અર્પણ કરવામાં આવેલ ફૂલો છે - એવું સમજે છે. જે હર્ષિતમુખ વ્યક્તિ કડવાં શબ્દોનો પ્રત્યુત્તર મધુર શબ્દોથી આપે છે, તે જ જીવનના સંઘર્ષમાં વિજયને પ્રાપ્ત કરે છે.

હિમાલયના ગિરિશિખરને સ્પર્શ કરવા

નીકળેલા આરોહકોને પણ ઘાતક બર્ફીલા ઠંડા પવનો સહન કરવા પડે છે. સરહદ પરના જવાનોને દુશ્મનોનો આતંક સહન કર્યા વગર જયમાલા ક્યાં મળે છે? પગતળે કચડાઈ જનાર માટી પણ સહનશીલતાના બળે ઘડો બની સ્ત્રીના માથા ઉપર ચઢીને માન મેળવે છે. એવી જ રીતે માનવ પણ સહનશીલતાની શક્તિથી ઘડાની જેમ પરિપક્વ બની દરેકનું સન્માન મેળવે છે. જંગલના ખડકોમાં અંકુરિત નાનું 'બીજ' પણ ઠંડા-ગરમ પવનને સહન કરે છે અને એક વિશાળ વટવૃક્ષ બની જાય છે. પથ્થરની થપાટો ખાઈને મીઠાં ફળ આપનાર વૃક્ષ પણ સહિષ્ણુતાનો જ પાઠ શીખવે છે. આગમાં તપીને અણિશુધ્ધ થયેલું સોનું આકર્ષક ઘરેણું બને છે. એવી જ રીતે સંજોગોની ભીષણ અગ્નિમાં તપવાથી આત્મા કંચન બની જાય છે અને ચમકતા સોનાના આભૂષણોની જેમ વ્યક્તિત્વ દિવ્યતાથી ઝળકી ઉઠે છે. એટલે જ કહેવાય છે કે ‘સહન કરવું એ ગુણોના ઘરેણાં બનવા સમાન છે.’ માતા સીતાની જેમ સહનશીલ બની અગ્નિ પરીક્ષાઓમાં પાસ થવાથી ચરિત્ર ઉજ્જવળ બને છે અને સહનશીલતાની શક્તિથી આત્મા ધ્રુવ તારો બની વિશ્વ ક્ષિતિજ પર ચમકે છે.

સહન કર્યા વગર લોક-પરલોકમાં કોઈને કંઈ નથી મળતું! કોઈ દેવાત્મા-ધર્માત્મા-મહાત્મા, સંત-મહંત, ધર્મસ્થાપક - સમાજસુધારક, રાજા-મહારાજા, નેતા-અભિનેતા વગેરેના રૂપમાં જગ-પ્રસિદ્ધ થયા છે તો ફક્ત સહિષ્ણુતાના જાજરમાન બળથી જ! માથા પર કાંટાનો તાજ પહેરાવી ક્રોસ પર ચઢાવનારા દુષ્ટ અને અધર્મીઓની ક્રૂરતા સહન કરી ઈસુ ખ્રિસ્ત ‘ધર્માત્મા’ બન્યા. ભક્ત મીરા ઝેરનો પ્યાલો પી ને ‘અમર’ થયાં. સંત જ્ઞાનેશ્વર રૂઢિચુસ્ત કટ્ટરપંથી બ્રાહ્મણોના બહિષ્કારનો સામનો કરી, સંતો દ્વારા ‘માઉલી (માં)’નું બિરુદ આપી નવાજવામાં આવ્યા. સ્ત્રી શિક્ષણના પ્રણેતા જ્યોતિબા ફૂલે, નિંદા અને અપમાન સહન કર્યા પછી ‘મહાત્મા’ કહેવાયા. શિવાજી મહારાજ શત્રુ તેમજ સ્વજનોનો ત્રાસ સહન કરી પ્રજાના ‘હૃદય-સિંહાસનના જ્ઞાની રાજા’ બન્યા. અંગ્રેજોની હિંસાને સહિષ્ણુતાની ઢાલથી રોકી, લાકડીઓનો માર સહન કરી ગાંધીજી ‘રાષ્ટ્રપિતા’ કહેવાયા.

દાદા લેખરાજને પરમાત્માનાં સાકાર માધ્યમ બન્યા પછી સમાજનો ભયંકર વિરોધ સહન કરવો પડ્યો. સન્માનનીય નિષ્કલંક ચરિત્ર પર કલંક લાગ્યા. એકવાર કલકતામાં વિકૃત માનસિકતાથી પીડિત વ્યક્તિએ અખબારમાં છપાવ્યું કે એક સાયકલ રિપેર કરનાર કહે છે કે હું કૃષ્ણ ભગવાન છું, મારે ૧૬ હજાર પટરાણીઓ જોઈએ છે, અત્યારે તેમને ત્રણસો રાણીઓ મળી ગઈ છે, બાકીની રાણીઓની શોધ ચાલુ છે. આ સમાચાર વાંચીને દાદી નિર્મળશાંતાએ તરત જ બ્રહ્માબાબાને પત્ર લખીને પૂછ્યું, ‘બાબા, હું તેની સામે માનહાનિનો કેસ દાખલ કરું?’ બાબાએ જવાબ આપ્યો, ‘બેટા, શું કોઈ બાપ તેના પુત્ર પર કેસ કરે?’ બ્રહ્માબાબાએ ચારિત્ર્ય પર ડાઘ લગાડનારાઓને પોતાનાં બાળકો માની અહંકારી બદમાશોનાં દુષ્પ્રચારને પચાવીને તેઓ ‘પ્રજાપિતા’ કહેવાયા. કળિયુગના વિકારી વ્યક્તિઓના વિરોધના તોફાનોને શક્તિશાળી સ્થિતિથી પરાજિત કરનારાં તેઓ ‘સહિષ્ણુતાનાં મહાપર્વત’ સાબિત થયા.

એક બાળક મૂર્તિ બનાવી રહેલા કલાકારને જોઈ રહ્યો હતો. બાળકે જિજ્ઞાસાથી પૂછ્યું, ‘કાકા, તમે મૂર્તિ બનાવી રહ્યા છો ને!’ કલાકારે કહ્યું, ‘ના.’ થોડીવાર પછી બાળકે એ જ પ્રશ્નનું પુનરાવર્તન કર્યું, ત્યારે મૂર્તિકાર બોલ્યો - ‘નહીં.’

ત્રીજીવાર બાળક ઉશ્કેરાઈ ગયો અને બોલ્યો, ‘તમે બનાવી તો મૂર્તિ જ રહ્યા છો! પણ શા માટે કહો છો કે તમે મૂર્તિ નથી બનાવતા’, તો મૂર્તિકાર બોલ્યો, ‘આ પથ્થરમાં મૂર્તિ તો પહેલેથી જ છુપાયેલી છે. તેથી, હું તો ફક્ત તે મૂર્તિ ઉપરથી જે જોઈતો નથી તે પથ્થર કાઢું છું. જ્યારે વણજોઈતો પથ્થર નીકળી જશે પછી અંદરની મૂર્તિ પ્રગટ થશે.’ પરમાત્મા પણ શ્રીમતરૂપી હાથોંથી જ્ઞાન-યોગની છીણી-હથોડી દ્વારા અનિચ્છનીય તમોપ્રધાન સંસ્કારો કોતરી, દેહમાં છુપાયેલ આત્માના દિવ્ય સ્વરૂપને પ્રગટ કરે છે, દિવ્યગુણોની મૂર્તિ બનાવવા માટે સર્જક અને નિયતિએ આપેલા સંજોગોની થપાટો પણ સહન કરવી પડે છે.

કહેવાય પણ છે કે, ‘જે આપણી નિંદા કરે છે તે આપણો મિત્ર છે!’ કારણ કે આંગણાનાં કચરાને મફતમાં ઝાડુ મારનાર વ્યક્તિની જેમ નિંદા કરનાર પણ નિંદાનાં ઝાડુ વડે ‘હું-પણાં’ના ઘમંડી સંસ્કારોનો મેલ અને આત્મા પર ચઢેલી દેહ-અભિમાનની ધૂળને સાફ કરે છે. તેના કડવા શબ્દોરૂપી છીણીથી કળા-ગુણોંને કારણે બુદ્ધિ પર ચઢેલા અહંકારના થર ઊતરી જાય છે. નિંદા કરનારના કાંટાની જેમ ખૂંચતા શબ્દો, મહિમા સાંભળીને ઉત્પન્ન થયેલ અભિમાનનો ફુગ્ગો ફોડે છે. નબળાઈઓ અને ભૂલોનું વર્ણન કરી, ખામીઓ કાઢી કાંટાથી કાંટો કાઢનાર, વ્યક્તિત્વમાંથી દોષના કાંટા કાઢીને ઉપકાર જ તો કરે છે. ડગલેને પગલે અડચણરૂપ બનનાર વિઘ્ન-સંતોષી આપણને જીવનના માર્ગ પર ચાલવાનું શીખવે છે. ટીકાકાર ટીકા કરી પરોક્ષ રીતે આત્મનિરીક્ષણની તક આપે છે અને ડાઘ-ધબ્બા બતાવતો અરીસો બની ચારિત્રનો ચહેરો ઠીક કરે છે. પદ - પ્રસિદ્ધિ - પૈસા - પ્રતિષ્ઠાથી ઉછરેલા અહંકારને આલોચનાથી તોડી પાડનારા વિવેચકો શુભચિંતક સાબિત થાય છે. કમજોરી શોધનાર અવગુણોં તરફ ધ્યાન દોરી સદાચારી બનવાનો પાઠ શીખવે છે.

અસામાજિક લોકો, વેરી-વિરોધીઓનો વિરોધ સહન કરવાથી જીવંત મૂર્તિ ઘડાય છે. સહન કરતાં કરતાં દાનવ પણ માનવ બને છે અને માનવ પણ દેવ બની જાય છે. ખરબચડા ખરાબ પથ્થર જેવા કુસંસ્કારી પથ્થરબુદ્ધિ વ્યક્તિને કંડારીને કોહિનૂર હીરા જેવા બનાવનાર તથા કોડી સમાન માણસમાંથી દિવ્યતાને પ્રગટ કરનાર, ખરેખર... સહનશીલતા છે... એક અદભુત શિલ્પકાર!

॥ ઓમશાંતિ ॥

અનુવાદઃ બી.કે. વિજય પોશિયા,
ઈન્ડિયા કોલોની, અમદાવાદ.

(પેજ નં. 18નું અનુસંધાન)... સંસ્કાર મિલનના

અને ગાય વાઘ અને બકરી એક જ ઘાટ પર સાથે પાણી પીશે. એટલે કે આટલી વિભિન્નતાને સામ્યતામાં પરિવર્તિત કરી રહ્યા છે. ત્યારે ભગવાનનો આપણને સૌને આદેશ છે કે આપ આત્માઓ પણ આધ્યાત્મિક પુરુષાર્થ કરીને નિરાકારી, નિર્વિકારી અને નિરહંકારી આત્મસ્થિતિ બનાવો તથા વ્યવહારમાં સદાનિમિત્ત ભાવ, નિર્માણ ભાવના અને નિર્મલ વાણી, ભાવ સ્વભાવમાં રહે જે વિશ્વ પરિવાર પ્રભુ પરિવાર, સતયુગી સંસારની રચના કરી શકે. આશા છે આપ પણ પ્રભુના આહ્‌વાનને સ્વીકારીને તેમના ગળાની માળા બનવા માટે પોતાના અહંકારને ઉડાવી દઈ બધાંની સાથે સ્નેહ સૂત્રમાં બંધાઈ જાઓ...

॥ ઓમશાંતિ ॥

રાજ્યોગી બી.કે. ડો. હરીશભાઈ શુક્લ અનંતની યાત્રાએ...

બ્ર.કુ. પ્રો. ચંદ્રવદન ચોકસી, નડિયાદ



રાજ્યોગી બી.કે. હરીશભાઈ શુક્લનું પાર્થિવ શરીર પંચમહાભૂત સદાય માટે વિલીન થઈ ગયું. તારીખ ૦૨-૦૮-૨૦૨૨ની સવારે એક શિક્ષણવિદ, સાહિત્યપ્રેમી, લૌકિક-અલૌકિક પરિવાર, મિત્ર-સંબંધી અને વિદ્યાર્થીવૃંદના ચહેતા, અધ્યાત્મ-પથના યાત્રી મિલનસાર અને ભાવનાશીલ વ્યક્તિત્વના માલિક, તેમજ બ્રહ્માકુમારીઝની ઈશ્વરીય સેવાઓમાં સમ્રગ ગુજરાત અને મધુબન મહાયજ્ઞમાં જાણીતા અને ખૂબ લોકપ્રિય બનેલા, મારા સેવાસાથી મિત્ર, એવા હરીશભાઈની વિદાય, ગુપ્ત રીતે ચાલતી એડવાન્સ પાર્ટીની સેવામાં સાર્થક અને અતિ આવશ્યક હશે. વિશ્વનાટકના આ જ્ઞાનરત્નને હૃદયસ્થ કરી, આપણે એ સદગત આત્માની અનંતયાત્રામાં ભાવાંજલિ અને સદભાવના આપીએ.

અગ્નિસંસ્કાર અને શ્રદ્ધાંજલિ સભાના વિધિ-પ્રસંગે સમગ્ર ગુજરાત ઝોનમાંથી ઘણી મોટી સંખ્યામાં અગ્રગણ્ય નિમિત બહેનો, વરિષ્ઠ ભાઈઓ, મોટી સંખ્યામાં બ્રહ્માકુમારી બહેનોની સાથે સાથે, વિશાળ બ્રાહ્મણ પરિવાર તથા લૌકિક પરિવાર ઉપસ્થિત રહી દિવંગત આત્મા પ્રતિ પુષ્પો અને શુભસંકલ્પો દ્વારા સ્નેહાદરની ભાવના દર્શાવી. તેમના સમગ્ર પરિવારે જ્ઞાન-યોગયુક્ત સ્થિતિ દ્વારા પ્રસંગની દિવ્યતા અને ગરિમાને સાચવી જાણી હતી. તેઓની લૌકિક પુત્રી બ્રહ્માકુમારી નેહાબેન તથા યુગલ બ્રહ્માકુમારી સુશીલાબેન દુઃખના આંસુ સારવાને બદલે, પધારેલ સૌ આગંતુકોનું સસ્મિત સ્વાગત કરતા રહ્યા. એ દ્રશ્ય પ્રસંગોચિત ગરિમા પ્રગટ કરતું હતું. તેમના બંન્ને સંતાનો વિનયભાઈ અને યશેષભાઈ લૌકિક જવાબદારી વહન કરતા રહી, પરમાત્માના દિવ્યકર્તવ્યમાં દિલથી, વિશેષ યજ્ઞ સ્નેહી-સહયોગી બનીને રહ્યા છે. તેમની મોટી દીકરી ન્યૂઝીલેન્ડ અને ફિઝી દેશના સેવાકેન્દ્રો નિમિતભાવથી સંભાળી રહ્યા છે.

સમાજ જીવનમાં લગ્ન પ્રસંગે દીકરીને વળાવતા 'કન્યાદાન' શબ્દનો પ્રયોગ થાય છે. શિવપિતાના દિવ્ય કર્તવ્યમાં નિશ્ચય થતાં જ હરીશભાઈ અને સુશીલાબેને પોતાની બન્ને વ્હાલી દીકરીઓનું કન્યાદાન શિવબાબાના મહાયજ્ઞમાં સમર્પિત કરીને કર્યું. કેટલું મોટું અહોભાગ્ય ! બંને દીકરીઓ પોસ્ટ ગ્રેજ્યુએટ, ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ થયા બાદ કોલેજમાં પ્રાધ્યાપિકા તરીકેની ઓફર હોવા છતાં નિર્ણય કર્યો કે પ્રભુકાર્યમાં સમર્પિત થવાનું.

હરીશભાઈનું બાળપણ અને શાળાકીય જીવન એક સાધારણ શુક્લ પરિવારમાં રાજસ્થાનના સાગવાડા ગામમાં વીત્યું. એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં પ્રથમ નંબરે આવવાથી, આજે પણ તેમનું નામ શાળાની દીવાલ ઉપર લાગેલા બોર્ડમાં ચમકે છે. અનેક અભાવો અને સંઘર્ષોની વચ્ચે અમદાવાદ શહેરમાં આવી સ્કૂલ ટીચર બન્યા. હિન્દી સાહિત્ય સાથે એમ.એ. તેમણે કર્યું. પાટણ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં પ્રાધ્યાપક બન્યા. પછી આચાર્ય પદની જવાબદારીઓ પણ નિભાવી. જૈન સાહિત્ય પર પી.એચ.ડી. કર્યું અને અનેક વિદ્યાર્થીઓના

પી.એચ.ડી. ગાઈડ પણ બન્યા.

સાચો શિક્ષક અધ્યાત્મ પ્રેમી હોય છે. ધાર્મિક સંસ્કાર પરિવારમાંથી મળ્યા હતા. પરમાત્માની ખોજ એમની ઝંખના હતી. વિવિધ ધર્મોના પુસ્તકો, આશ્રમો, સત્સંગ શિબિરોમાં ફરી વળ્યા. મહર્ષિ રજનીશના કેમ્પમાં પણ જઈ આવ્યા. અંતે પરમાત્માનું ગુપ્ત દિવ્ય કર્તવ્ય ચાલી રહ્યું છે, તે વાત જાણી, પાટણ સેવાકેન્દ્રના નિમિત બહેન બ્રહ્માકુમારી સરલાબેનના સંપર્કમાં આવ્યા. મધુબન રાજયોગ શિબિરમાં બ્રહ્માકુમાર રાજયોગી નિર્વૈરભાઈ, દાદી પ્રકાશમણિજી તથા અન્ય મહારથી દાદીઓના સંપર્કમાં આવ્યા. પાંડવભવનની તપોભૂમિથી પ્રભાવિત થયા. અનેક પ્રશ્નોના સમાધાન પછી નિશ્ચયબુદ્ધિ બની પાટણ પાછા ફર્યા. સમગ્ર પરિવારને શિવબાબાના રંગે રંગી દીધા. ત્યારબાદ તો સેવાક્ષેત્રમાં મચી પડ્યા મિત્ર, સંબંધી, પરિવાર, સાહિત્યકારો, વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો, શિક્ષકો સૌ કોઈને મધુવન મોકલવાની જાણે ધૂન લાગી હતી. સન ૧૯૭૮માં દાદી પ્રકાશમણિજી અને બ્રહ્માકુમાર નિર્વૈરભાઈની શુભપ્રેરણાથી 'અખિલ ભારતીય બાળ ચરિત્ર નિર્માણ શિબિર' નું ઉનાળા વેકેશનમાં આયોજન થવા લાગ્યું. ભારત દેશના વિવિધ રાજ્યો અને ઝોનમાંથી કુમાર-કુમારીઓ અને નાના ભૂલકાઓના આગમનથી પાંડવ-ભવનનું પ્રાંગણ ગૂંજવા લાગ્યું. વર્તમાન સમય ૧૦૦૦થી પણ વધુ કન્યાઓ આ શિબિરોની સેવા બાદ ભારતભરના વિવિધ સેવાકેન્દ્રોમાં અને અનેક કુમારો મધુબનમાં સમર્પિત રૂપે કાર્યરત છે. તેમજ શિક્ષા પ્રભાગના રાષ્ટ્રીય સંયોજક રહીને તેઓએ ગુજરાત અને ભારતભરમાં અનેક સેવા સાથીઓ બનાવ્યા. સદગત આત્માને શિવબાબાની છત્રછાયા મળે, તેમજ નવા જન્મમાં એડવાન્સ પાર્ટીની સાથે મળી બાબાની પ્રત્યક્ષતાના મહાન કર્તવ્યમાં સદા સાથી બનીને રહે. એવી શુભભાવનાઓના ભાવો સાથે, સાચી હ્ધ્યાંજલિ, સાદર અર્પણ....

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 27નું અનુસંધાન)... પ્રસંગ પરિમલ

હાલતમાં રડવાનું છે તો હું વજન શા માટે ઉઠાવું? વચ્ચે વચ્ચે સારો રસ્તો આવતો તો ક્યાંક ક્યાંક બોર્ડ જોવા મળતાં. યાત્રા મુશ્કેલ હતી પરંતુ તકલીફ લઈને ચાલ્યા તો રસ્તો સારો થઈ ગયો. થોડા આગળ ચાલ્યા તો મોટા અક્ષરોમાં લખ્યું હતું કે 'યાત્રા સમાપ્ત'. એની નીચે નાના અક્ષરોમાં ઘણું બધું લખ્યું હતું તે આ પ્રમાણે હતું. 'હે યાત્રી, તેં જે પથ્થર જોયા હતા તે અમૂલ્ય હીરા હતા. જો તે કેટલાય ઉઠાવી લીધા હોત તો એને વેચીને ધન અને યશ બન્ને મેળવી શકાત. યાદ રાખો તમે તક ગુમાવી દીધી. હવે તે પાછી નહીં આવે.' જેણે એક પણ પથ્થર ઉઠાવ્યો નહોતો તે જોરથી રડવા લાગ્યો કે હે પ્રભુ, મારા કપડામાં આટલાં ખિસ્સા, પીઠ પર એટલા થેલા હતા પરંતુ મેં એક પણ પથ્થર ઉઠાવ્યો નહીં. જે ચીજની ઈચ્છા હતી તેને ઓળખી ના શક્યો. જેને થેલાઓમાં ભરી શક્યો હતો તેને ખિસ્સામાં પણ ના ભર્યો. પણ જેણે એક નાનો કાંકરો ઉઠાવ્યો હતો તે પણ નારાજ થઈ ચૂક્યો હતો કે એણે માત્ર એક જ કાંકરો શા માટે ઉઠાવ્યો. મળેલી તક ગુમાવવાથી પશ્ચાતાપ જ રહી જાય છે.

॥ ઓમશાંતિ ॥

પ્રસંગ પરિમલ

સત્યનો સ્વભાવ

મંગતસિંહ નામે એક ચોર હતો. ચોરી કરવા છતાં પણ તે વિચારતો હતો કે તે બહુ સારું કામ કરે છે. એક દિવસ ચોરીમાં એને ઘણું ધન મળ્યું પણ તે સંતુષ્ટ થયો નહીં. તેણે મોટી ચોરી કરવાનું વિચાર્યું. આમ વિચારીને તે એક જગ્યાએ ભીડમાં ઘૂસ્યો. ત્યાં એક સંત પ્રવચન કરી રહ્યા હતા. તેઓ કહેતા હતા કે માનવે સચ્ચાઈથી જીવવું જોઈએ. કોઈને પીડા નહીં પહોંચાડવી જોઈએ. આપણે જેને જરૂર છે તેને મદદ કરવી જોઈએ. એનાથી માનવનો ઉદ્ધાર થાય છે. સંતની વાતોનો તે ચોર ઉપર ઘણો પ્રભાવ પડ્યો. તે સંતની પાસે પહોંચ્યો અને બોલ્યો, સ્વામીજી, મેં મારા જીવનમાં હમેશાં ખોટાં કામો જ કર્યાં છે. હું ચોરી કરવાનું છોડી શકતો નથી. કારણ કે બીજું કોઈ કામ મને આવડતું નથી.

સંત બોલ્યા. તમે ફક્ત સત્ય બોલવા લાવો. તમારો ઉદ્ધાર અવશ્ય થશે. બીજા દિવસે મંગતસિંહ ચોરી કરવા રાજમહેલ પહોંચ્યો. પહેરેગીરે જ્યારે એને પૂછ્યું તો એણે જણાવ્યું કે તે મહેલમાં ચોરી કરવા આવ્યો છે. પહેરેગીરે વિચાર્યું કે એવો ક્યો ચોર હશે જે કહે કે હું ચોરી કરવા આવ્યો છું. એણે જરૂર મજાકમાં કહ્યું હશે. પહેરેગીરે ચોરને મહેલમાં ઘૂસીને તિજોરી લઈ જવા લાગ્યો. પહેરેગીરે પૂછ્યું, આ શા માટે લઈ જઈ રહ્યો છે? મંગતસિંહે જવાબ આપ્યો, હું એને ચોરીને લઈ જઈ રહ્યો છું. પહેરેગીરે વિચાર્યું, કદાચ આ મારી પરીક્ષા કરી રહ્યો છે. નહીંતર એવું કોણ કહે કે હું તિજોરીને ચોરીને લઈ જઈ રહ્યો છું. પહેરેગીરે એને જવા દીધો. વાસ્તવમાં ચોરી થઈ હતી. એના સમાચાર રાજા સુધી પહોંચ્યા. સૌની પૂછપરછ કરવામાં આવી. પહેરેગીરની વાત સાંભળીને મંગતસિંહને બોલાવવામાં આવ્યો. એણે બધી વાત સાચે સાચી કહી દીધી. પૂરી વાત સાંભળ્યા પછી રાજાએ કહ્યું, આ ચોર ભલે છે પણ સાચો છે આવા લોકો ઘણા ઓછા હોય છે. રાજાએ પછી મંગતસિંહને કહ્યું, તારે હવે ચોરી કરવાની જરૂર નથી. તું હવે આ મહેલમાં નોકરી કરીશ. મંગતસિંહને સત્યની તાકાતનો પરચો મળી ગયો હતો.

લોભનો આવેશ

જૂના જમાનાની વાત છે. એ સમયે ઘોડાઓની રેસ બહુ થતી હતી. એ રેસમાં ત્યાંની મહારાણી હમેશાં વિજયી બનતી હતી. બીજા સર્વ હારી જતા. ઘોડેસવારીના નિષ્ણાત લોકો, આ ખેલના વિશેષજ્ઞ લોકો એના કૌશલને જોઈને દંગ થઈ જતા. મહારાણી સ્વયં એક કુશળ ઘોડેસવાર હતી. પરંતુ સ્પર્ધકો પણ અશ્વદોડની કલામાં રાણીથી ઊતરતા નહોતા. પરંતુ અશ્વદોડમાં હમેશાં રાણી જ વિજયી બનતી. એક વાર અન્ય સ્પર્ધકોએ પરસ્પર મંત્રણા કરી કે ગમે તેમ કરીને એક વાર રાણીને પરાજિત કરવી છે. એના માટેની યુક્તિઓ અને ઉપાયો વિચારવા લાગ્યા. છેવટે તેમને એક ઉપાય જડ્યો. એમ જાણવા મળ્યું છે કે મહારાણીને સોનું ઘણું જ પ્રિય છે. સોનું જોતાં જ એના ચહેરા ઉપર અનોખી ચમક આવી જતી. એના ભાવ બદલાઈ જતા. બધી રાસાયણિક ક્રિયા બદલાઈ જતી. સ્પર્ધકોએ નિર્ણય કર્યો કે જે સમયે રેસ હોય, એ સમયે રેસના માર્ગમાં સ્થળે સ્થળે સોનું વેરવામાં આવે. એમ જ કરવામાં આવ્યું. અશ્વદોડ શરૂ થઈ. મહારાણીનો ઘોડો હંમેશાંની

જેમ આગળ જ હતો. અચાનક મહારાણીની દૃષ્ટિ માર્ગમાં વરોયેલા સોના તરફ ગઈ. તત્કાળ એણીએ ઘોડાને અટકાવાનો ઈશારો કર્યો. તીવ્ર ગતિથી તે ઘોડાની નીચે ઊતરી અને અહીં તહીં વિખરાયેલા સોનાના ટુકડાઓને એકઠા કરવા લાગી. દોડમાં આટલું જ વિઘ્ન સ્પર્ધકો માટે પૂરતું હતું. રાણી પાછળ રહી ગઈ અને બીજા સ્પર્ધકો આગળ નીકળી ગયા.

આ વિજય અને પરાજય શા માટે થાય છે? જ્યારે લોભનો આવેશ તીવ્ર બને છે, તો મનુષ્યનો પરાજય નિશ્ચિત થાય છે.

નમ્રતાનો પાઠ

એકવાર અમેરિકાના રાષ્ટ્રપતિ જ્યોર્જ વોશિંગ્ટન શહેરની પ્રદક્ષિણા કરવા નીકળ્યા. રસ્તામાં એક જગ્યાએ ઈમારત બની રહી હતી. તેઓ નિર્માણ કાર્યને સૂક્ષ્મતાથી જોવા લાગ્યા. એમણે જોયું કે કેટલાક મજૂર એક મોટા પથ્થરને ઉઠાવીને ઈમારત પર લઈ જવાની કોશિશ કરી રહ્યા હતા. પથ્થર ઘણો વજનદાર હતો. આટલા મજૂરોથી પણ તે ઊંચકાતો નહોતો. પાસે ઊભેલો કોન્ટ્રાક્ટર મજૂરોને પથ્થર ઉઠાવવા માટે લડી રહ્યો હતો. વોશિંગ્ટને કોન્ટ્રાક્ટર પાસે જઈને કહ્યું, મજૂરોને મદદ કરો. એક વધારે માણસ જો સહયોગ આપે તો કદાચ પથ્થર ઊંચકાઈ જાય. કોન્ટ્રાક્ટર વોશિંગ્ટનને કદાચ ઓળખી શક્યો નહીં. અને રોબથી બોલ્યો. હું બીજાઓ દ્વારા કામ લઉં છું હું મજૂરી કરતો નથી. આ જવાબ સાંભળીને વોશિંગ્ટન ઘોડા ઉપરથી ઊતર્યા અને પથ્થર ઊંચકવામાં મજૂરોને મદદ કરવા લાગ્યા. એમના સહયોગથી પથ્થર ઊંચકાઈ ગયો અને સરળતાથી ઉપર ગયો. હવે વોશિંગ્ટન પાછા પોતાના ઘોડા ઉપર જઈને બેઠા અને બોલ્યા. સલામ કોન્ટ્રાક્ટર સાહેબ, ભવિષ્યમાં ક્યારે પણ આપને એક વ્યક્તિની અછત જણાય તો રાષ્ટ્રપતિભવનમાં આવીને જ્યોર્જ વોશિંગ્ટનને યાદ કરજો. આ સાંભળતાં જ કોન્ટ્રાક્ટર રાષ્ટ્રપતિને પગે પડ્યો અને પોતાનાથી કરાયેલા દુર્વ્યવહાર માટે માફી માગવા લાગ્યો. વોશિંગ્ટને એ સમયે નમ્રતાથી કહ્યું, મહેનત કરવાથી કોઈ પણ માનવી નાનો યા મોટો બની જતો નથી. મજુરોની મદદ કરવાથી તમે સન્માન મેળવશો. યાદ રાખો મદદ માટે સદૈવ તૈયાર કરેનારાઓને જ સમાજમાં પ્રતિષ્ઠા મળે છે. એટલે જીવનમાં ઊંચા બનવા માટે વિનમ્રતાનું હોવું ઘણું જરૂરી છે. એ દિવસથી કોન્ટ્રાક્ટરના વ્યવહારમાં આશ્ચર્યજનક પરિવર્તન આવ્યું. તે સર્વ સાથે અત્યંત નમ્રતાથી વ્યવહાર કરવા લાગ્યો.

તકની ઓળખ

બે યાત્રી પગપાળા યાત્રા કરી રહ્યા હતા. એમનું લક્ષ્ય ધન અને સફળતા મેળવવાનું હતું એમને એક વરદાન મળ્યું હતું. કે આ યાત્રામાં એમને અસીમિત ધન મળી શકે છે. તેની શરત એ છે કે તે દરેક કામ સાવધાનીપૂર્વક કરે. શરત એ પણ હતી કે તેઓ કદી પોતાના સ્થાનથી એક ફૂટથી વધારે પાછળ નહીં જઈ શકે. નહીંતર તે તરત ત્યાં પડીને ઢગલો થઈ જશે. બંનેએ પોતપોતાનું ખાવાનું, પાણી વગેરે લઈ લીધું. તેઓ ચાલવા લાગ્યા. લાંબુ ચાલ્યા પછી એક પથરાવાળો રસ્તો આવ્યો. ત્યાં કેટલાયે બોર્ડ લાગેલાં હતાં. જેના ઉપર લખ્યું હતું જે આ પથ્થરોને ઉઠાવશે તે અંતમાં રડશે જે એને નહીં ઉઠાવે તે પણ અંતમાં રડશે. એક યાત્રીએ કહ્યું કે ઉઠાવો તો પણ રડવું પડશે . એટલે હું તો એક નાનો કાંકરો ઉઠાવીને ખિસ્સામાં રાખી દઉં છું. બીજો બોલ્યો કે જો બંને

(અનુસંધાન પેજ નં. 25 પર)

કલાત્મક કહાની

બ્ર.કુ. ગોરધનભાઈ, વડનગર

બાવરો બન્યો બ્રહ્માકુમાર

બગવદરનો બાવરો બંસીલાલ બહુ બટકબોલો.
બાવરો બંસીલાલ બોલે ને બાફે.
બાવરો બંસીલાલ બીજાઓને બગાડતો.
બાવરા બંસીની બબુચક બુદ્ધિથી બીજાઓ બાવરા બનતા.
2012 બુધવાર બપોરના બરાબર બપોરના બાર બજે,
બગવદરના બેરિસ્ટર બ્રિજરતનલાલની બૈરી બકુલાને,
બંસીલાલ બાવરાએ બરફ બટકાવવાને બહાને બારીએથી બોલાવી.
બકુલાએ બેરિસ્ટરને બનેલી બધી બીનાની બાત બતાવી.
બાદ બેરિસ્ટર બ્રિજરતનલાલ બગડ્યા.
બેરિસ્ટરે બંસી બાવરાનો બરડો બાટાના બૂટથી બગાડ્યો.
બરાડતો બંસી બાવરો બ્રહ્માકુમાર બચુલાલના બારણામાં બૂમો પાડતો બેઠો.
બચુલાલ બ્રહ્માકુમારે બંસી બાવરાના બરડામાં, બ્રાન્ડીમાં બોડેલી બોપટ્ટી બાંધી.
બ્રહ્માકુમાર બચુલાલે બંસી બાવરાને બ્રહ્માકુમારી બેનોના બોધવચની બંગલાના બગીચામાં બાંકડે બેસાડ્યો.
બંસી બાવરાની બનેલી બધી બીનાની બાત બેનોને બતાવી.
બ્રહ્માકુમારી બેનોએ બાબાના, બ્રહ્માબાબાના બોધવચનો,
બોધદાયક બાબતો બગડેલ બંસી બાવરાની બુદ્ધિમાં બરાબર બેસ્ટ બુદ્ધિથી બેસાડ્યા.
બાબાએ બાવરાની બુદ્ધિમાં બળશક્તિ બેસાડ્યા.
બાવરા બંસીની બુદ્ધિને બેસ્ટ બનાવી.
બગડેલ બંસી બાવરો બેસ્ટ બ્રહ્માકુમાર બન્યો.
બાબાનો બહાદૂર બાળક બનીને બીજાઓની બુદ્ધિમાં બાબાના બોધવચનો બોધદાયક બાબતો બેસાડ્યા.
બ્ર.કુ. બાવરાએ અને બ્ર.કુ. બચુલાલે બેસ્ટ બુદ્ધિથી બેરિસ્ટર અને બકુલાને બેસ્ટ બ્રહ્માકુમાર બ્રહ્માકુમારી બનાવ્યાં.

॥ ઓમશાંતિ ॥

- **વારસ અર્થાત્ જેના દરેક શ્વાસમાં, દરેક પગલામાં બાપ (પરમપિતા પરમાત્મા), કર્તવ્ય અને સાથે સાથે મન-વચન-કર્મ, તન-મન-ધન સર્વમાં બાબા અને યજ્ઞ સમાયેલો હોય. બેહદની સેવા સમાયેલી હોય, સકાશ આપવાની સમર્થતા હોય.**
- **ઉમંગ ઉત્સાહવાળા સદા ખુશીમાં નાચતા રહેશે. એમને સદા સર્વનો સહયોગ પણ મળતો રહેશે. જ્યાં ઉમંગ ઉત્સાહ છે ત્યાં કોઈ કાર્યમાં મુશ્કેલીનો અનુભવ થશે નહીં. દરેક કાર્યમાં સફળતા મળતી રહેશે. ઉમંગ ઉત્સાહ છે તો જીવનમાં આનંદ છે. તેને નવી નવી પ્રેરણાઓ થાય છે. ગમે તેવી પરિસ્થિતિને તે સહજ રીતે પાર કરી શકે છે. તેને કદી થાકનો અનુભવ થતો નથી. આળસ, અલબેલાપણું તેનાથી દૂર રહે છે.**
- **જે રીતે વાણી દ્વારા કરવામાં આવતી સેવાનો વિસ્તાર કર્યો છે તે રીતે મનસા સકાશ દ્વારા આત્માઓમાં હેપી (સુખ) અને હોપ (આશા)ની લહેર ફેલાવો. સૌને હિંમત અપાવો. ઉમંગ ઉત્સાહ અપાવો. દુઃખ અશાંતિથી મુક્તિ અપાવો.**
- **સમયના મહત્ત્વને જાણીને કર્મોની ગુહ્યગતિનું ધ્યાન રાખો. નષ્ટોમોહા એવરરેડી બનો.**

દિવ્યદર્શન

આધ્યાત્મિક ગણેશ ઉત્સવ

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

ગણેશ વંદનાના ચાલતા શુભ દિવસોમાં ગણેશના સાચા સ્વરૂપને આધ્યાત્મિકતા સાથે સમજી ચાલો યથાર્થ ગણેશ ઉત્સવ મનાવી લાભ લઈએ.

વિશાળ માથું - ગણેશના માથાના સ્થાને હાથીનું માથું મૂકેલ છે. હાથી સર્વ પ્રાણીઓમાં બુદ્ધિવાન મનાય છે. હાથીનું માથું પણ ખૂબ વિશાળ છે, એવી પણ માન્યતા પ્રચલિત છે કે, હાથીની સ્મૃતિ ખૂબ તેજ હોય છે. જે પોતાના મહાવતને વ્યક્તિગત ખૂબ સારી રીતે જાણી, ઓળખી, સમજી લે છે. તેવી જ રીતે પરમાત્મા આધ્યાત્મિક જ્ઞાન દ્વારા આપણને વિશાળ અને કુશાગ્ર બુદ્ધિ અર્પણ કરે છે. જેના દ્વારા આપણે પરમાત્માને વ્યક્તિગત જાણી, ઓળખી, સમજી શકીએ. હાથીની બીજી વિશેષતા તેની મદમસ્ત ચાલ છે. તે ગમે ત્યાંથી પસાર થાય, ત્યારે આજુબાજુના અન્ય પ્રાણીઓ હાથી સામે ક્રિયા કે પ્રતિક્રિયા કરે છતાં પણ કોઈ ઉત્તર આપ્યા વગર કે કોઈ પ્રતિક્રિયા કર્યા વગર, તે પોતાની મોલાઈ મસ્તીમાં સૂંઢને ડોલાવતો - ડોલાવતો, શાહી-અંદાજથી ચાલતો-ચાલતો જતો રહે છે. આપણને સૌને એ પાઠ શીખવે છે કે, જીવનમાં આડી-અવળી કે નકામી વાતો પર ધ્યાન ન આપતા. આત્મ-વિશ્વાસપૂર્વક પોતાના માર્ગ ઉપર અગ્રેસર થાવ.

ગણેશની લાંબી સૂંઢની તાકાત અને સમજશક્તિ - હાથીની સૂંઢ ખૂબ મજબૂત અને શક્તિશાળી હોય છે. તે મોટા-મોટા વૃક્ષોને પણ પળવારમાં જમીનમાંથી જડમૂળથી ઉખેડી સૂંઢમાં લપેટી ખૂબ દૂર-દૂર સુધી ઉછાળીને ફેંકી દે છે. પરંતુ જો તેની સામે કોઈ નાનું બાળક આવી જાય તો તેને સાચવી મહાવતને સોંપી દે છે. એટલે ગણેશજી આપણને શીખવે છે કે, સમય-સંજોગો, પરિસ્થિતિને પરખવાની શક્તિ અને યોગ્યતાઓ જીવનમાં ઘણી જરૂરી છે. ગણેશની લાંબી સૂંઢ એ જ્ઞાનવાન મનુષ્યની વિશેષતાનું મોટું પ્રતીક છે. જે પોતાના જૂના સંસ્કારોને જડમૂળથી પકડીને કાઢી ફેંકવા માટે ગણેશની સૂંઢ જેવી આધ્યાત્મિક સમજશક્તિની કેળવે છે.

ગજકર્ણ - હાથીના કાન સૂપડા જેવા મોટા હોય છે. આટલા મોટા કાનની ખાસિયત એ છે કે, હંમેશા કાન ખોલીને, સ્પષ્ટ સાંભળી તેને જીવનમાં ઉતારવાનું કાર્ય કરો. મોટા કાન જિજ્ઞાસાનું પ્રતીક છે. ગ્રહણ કરવાની ભાવનાથી, એકાગ્રચિત થઈને સાંભળવાથી હમેશાં જીવનમાં પ્રગતિ પથ પર આગળ વધતા રહેવાની તથા પરમાત્માનું અધ્યાત્મિક જ્ઞાનનું દૈનિક શ્રવણ મોટા કાન દ્વારા સમુચિત છે.

હાથીની ઝીણી નાની આંખો - ગણપતિની આંખોને હાથી જેવી ઝીણી ચિત્રિત કરવા પાછળનું રહસ્ય એ છે કે, નાનામાં નાની ઝીણી વસ્તુ પણ તે મોટી જોઈ શકે છે. હાથીના પગ નીચે કીડી આવી જાય તો પણ તે પોતાની સૂક્ષ્મ દ્રષ્ટિ દ્વારા જોઈ લે છે. તેવી જ રીતે જ્ઞાનવાન વ્યક્તિ અન્ય આત્માઓની વિશેષતા અને મહાનતાને જોઈ આદર આપે છે. ગણપતિની જેમ જ્ઞાની, સમજદાર, વિવેકશીલ વ્યક્તિ સૂક્ષ્મ અને દૂરાદેશી નજર દ્વારા સમજી વિચારીને પ્રયોગ કરે છે.

ગજવદન - ગણેશના મોટા કાન, નાની આંખો, લાંબુ નાક, નાના મુખને હાથીની જેમ પ્રદર્શિત કરવા પાછળનું પ્રયોજન એ છે કે જેમ હાથીનું મોટું મોઢું સૂચવે છે કે શ્રેષ્ઠતા, નિર્ભયતા, આત્મિક શક્તિ અને સામર્થ્યતાનું પ્રતીક છે. જ્ઞાની પુરુષના આ લક્ષણો છે. જે સદા ગજવદન મુખાકૃતિ ધરાવે છે.

મહોદર - પરિવારમાં દરેક વ્યક્તિ એક જેવી હોતી નથી. દરેક વ્યક્તિની સારી નરસી બે બાબતો હોય છે. જયારે વ્યક્તિ પરિવાર કે સમાજની કોઈ નકારાત્મક, નગુણી, નકામી વાતને પોતાનામાં સમાવી લે છે ત્યારે તેના વિશે એવું કહેવાય છે કે, આનું પેટ ખૂબ વિશાળ છે. કોઈ વ્યક્તિ વિશ્વાસથી એના મનની વાત કહે તો એ સમજી સાંભળીને પોતાનામાં સમાવી લે. જ્ઞાનવાન વ્યક્તિની સામે માન-અપમાન, નિંદા-સ્તુતિ, જય-પરાજય, દરેક પરિસ્થિતિઓને પોતે સમાવી લે છે. લાંબુ પેટ અર્થાત લંબોદર અને મોટું પેટ અર્થાત મહોદર એ જ્ઞાનવાન શ્રેષ્ઠ ગુણોનું પ્રતીક છે. ગણેશની સ્તુતિમાં ગાયું છે કે - લંબોદરાય જગત સુપ્રિયાય...

અસ્ત્ર (એક હાથમાં કુહાડી) - ગણપતિની ચારભુજાઓમાં એક ભુજામાં કુહાડી બતાવી છે. કુહાડી એ લાકડા કાપવાનું સાધન છે. એક પ્રતીક રૂપે ગજાનંદના હાથમાં દર્શાવેલ છે. જ્ઞાનવાન વ્યક્તિ જૂના-પુરાના સંસ્કારોને દૂર કરવાની, બંધનોને કાપવાની, પૂર્વગ્રહોને દૂર કરવાની ક્ષમતા હોય છે, તેનું પ્રતીક કુહાડી દર્શાવેલ છે. જ્ઞાન એક કુહાડી સમાન છે, જે મનથી જકડાયેલ સંબંધોને અલગ કરી, આસુરી સંસ્કારોને દૂર કરવા માટે જ્ઞાનરૂપી કુહાડી દરેક આધ્યાત્મિક જ્ઞાની યોદ્ધાની પાસે હોવી સાંપ્રત સમયમાં હવે જરૂરી છે.

વરદમુદ્રા - ગણપતિનો એક હસ્ત સદા વરદમુદ્રામાં હોય છે. ગણેશજી નિર્વિઘ્ન જીવન સાથે, દિવ્ય ગુણ અપનાવી બીજા આત્માઓને નિર્ભયતા અને શાંતિ અર્પણ કરનારા સમર્થ બનો, તેવા આશીર્વાદ પાઠવે છે. વરદમુદ્રાવાળા હસ્ત એ નિષ્ઠાનું પ્રતીક છે. વરદાની કર દાતાપનની નિશાની દર્શાવે છે, જે હાથ સદા દાન કરતો જ રહે.

એક હાથમાં દોરી - ગણપતિના એક હાથમાં દોરી એટલે કે બંધન દર્શાવ્યું છે. દોરીનું પ્રતીક છે બંધનોનું. બંધન અર્થાત્ સ્વયંને દિવ્ય આધ્યાત્મિક નિયમોના બંધનમાં બાંધવા, આ એક શુભબંધન છે. જે મનુષ્ય પોતાના કલ્યાણ માટે આ પ્રતિજ્ઞારૂપી બંધનોમાં બંધાય છે. ખરેખર આ કોઈ બંધન નથી પરંતુ આત્માને પરમાત્માની સાથે શ્રેષ્ઠ સંબંધ જોડવા માટેનું બંધન છે. ગણપતિના હાથમાં જે દોરી એક પ્રતીક છે, જે પરમાત્મ સ્નેહ-પ્રેમમાં બંધાવવાની દોરી છે.

ગણેશના એક હાથમાં મોદક - મોદક શબ્દ લાડુનો પર્યાયવાચક શબ્દ છે. લાડુ બનાવવા માટે ખૂબ મહેનત કરવી પડે. લોટને શેકવો પડે, શુદ્ધ ઘી, ગોળ કે ખાંડ, એલચી, કાજુ, બદામ, પીસ્તા, ખસખસ જેવો સૂકામેવાની સામગ્રી નાખી તૈયાર કરવામાં આવે છે. ત્યારે તે સૌ કોઈની પ્રિય મીઠાઈ બને છે. જેમ એક લાડુને લાડુના રૂપમાં તૈયાર થતાં પહેલા તેની સામગ્રીને અનેક તકલીફો, મુશ્કેલીયોમાંથી પસાર થવું પડે છે, તેમ ગણેશના હાથમાં પ્રતીક લાડુ આપણને શીખવે છે કે જયારે ખૂબ તપ-તપસ્યા-સાધના કરો, ત્યારે જીવનમાં જ્ઞાનરસ અને મીઠાશ જન્મે. વળી મોદક એ સરળતાનું પણ પ્રતીક છે. જ્યારે જયારે કોઈને પોતાના મનોરથ, લક્ષ્યની સિદ્ધિ પ્રાપ્ત થાય ત્યારે લાડુ વહેચીને ખુશીનો ઉત્સવ મનાવે છે. લાડુને

પ્રભુને અર્પણ કરવાથી તે પ્રસાદ બની જાય તેમ સરળતાવાળી સમજદાર વ્યક્તિ પોતાની બુદ્ધિ અને સ્થિતિના બળે જીવનને નિર્વિઘ્ન બનાવી પ્રભુની પ્રસાદી સમ જીવન સફળ કરી શકે છે. પછી પોતે ખુશ-આનદમાં રહી અન્યોને પણ ખુશ કરે છે. લાડુ સંગઠનનું પણ પ્રતીક છે. નાની-નાની બુંદી જ્યારે એક સાથે ભેગી થાય ત્યારે લાડુ જ બને. તેમ લાડુ આપણને સંદેશો આપે છે કે વ્યક્તિ જયારે સંગઠનમાં રહી સૌ હળીમળી એકતામાં રહી, સંસ્કારોનો મહારાસ કરવાનું દર્શાવે છે.

ગણપતિનું આસન - ચિત્રકાર, મૂર્તિકાર ગણપતિનું આસન બનાવે ત્યારે ગણપતિની બેઠકની સ્થિતિમાં જમણો પગ જમીનને સ્પર્શ કરતો હોય છે, જ્યારે ડાબો પગ જમણા પગથી થોડો જમીનથી ઉપર હોય છે. આ દ્રષ્ટિકોણથી જોઈએ તો સાચા જ્ઞાની વ્યક્તિની ઓળખ એ છે, સાંસારિક મોહ-મમતા, માયાથી ઉપરામ રહીને સાંસારિક કર્તવ્યો તથા જવાબદારીને નિભાવી ન્યારા અને પ્યારાં રહેવાનું.

ગણેશનું વાહન મૂષક (ઉંદર) - ઘણું વિચિત્ર લાગે કે વિશાળ કાયાવાળા ગણેશનું વાહન એક નાનો ઉંદર? ઉંદરની ચપળતા, ઝડપ અને ચકોર દ્રષ્ટિ આપણને પણ સતર્ક બનવાની પ્રેરણા આપે છે. ઉંદર વસ્તુઓને કોતરતો રહે, ખાવાની લાલચને કારણે વસ્તુઓ પર ટક-ટક કરતો રહે છે. ઉંદર હમેશાં કાપવાનું જ કામ કરે છે, પણ આપણે અન્યની વાતને વચ્ચેથી કાપ્યા વગર પૂરી જાણવી અને સમજવી જરૂરી છે.

ગણેશની બે પત્ની રિદ્ધિ અને સિદ્ધિ - શ્રી ગણેશની રિદ્ધિ-સિદ્ધિ બે પત્નીઓ હમેશાં આજુ-બાજુ હોય છે. એક જ્ઞાન અને બીજી સફળતાનું પ્રતીક છે. ધન અને વૈભવનું પણ પ્રતીક છે. અર્થાત જ્યાં ગણેશ હોય ત્યાં જ્ઞાન, સફળતા, ધન, વૈભવ હોય સ્વાભાવિક છે. બુદ્ધિવાન વ્યક્તિ જ્ઞાન અને વિવેકથી સમજી વિચારીને દૂરદર્શિતાથી કાર્ય કરે છે, જેને સીધી સફળતા સાંપડે છે. સફળતા જ્ઞાનીતુ આત્માનો જન્મસિદ્ધ અધિકાર છે.

ભકિતમાં ગણેશને શિવના પુત્ર ગણ્યા છે. ગણપતિનું નામ ગુણવાચક અને કર્તવ્યવાચક છે. ગણેશની સાથે હમેશાં સ્વસ્તિકનું ચિન્હ હોય છે. સ્વસ્તિક ખરેખર જ્ઞાનને અંકિત કરતું પ્રતીક છે. દરેક શુભકાર્ય, ધાર્મિક પ્રયોજનમાં સૌ પ્રથમ ગણપતિનું પૂજન અને સ્વસ્તિકના મહત્વ સાથે દોરવામાં આવે છે. સ્વસ્તિક ગણેશદેવના પિતામહ જ્યોતિ સ્વરૂપ પરમાત્મા શિવના આશીર્વાદ મેળવી નિર્વિઘ્ન કાર્યપૂર્ણ કરવાનું પ્રતીક છે. અહી ઉલ્લેખનીય ગણપતિના અલંકારો, પ્રતીકોનો સાર એ છે કે, આ વર્ષે ગણેશ મહોત્સવ ઉજવતા પહેલા, સૌ પ્રથમ સ્વયંના જીવનમાં ઉપરોક્ત બિંદુઓને અપનાવવાના શ્રીગણેશ કરીએ. આ છે યથાર્થ ગણેશ ઉત્સવની ઉજવણી.

॥ ઓમશાંતિ ॥

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં ઓગસ્ટ - ૨૦૨૨ માસની શબ્દાવલી ભાગ - ૨૧ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે આપના જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી ભાગ - ૨૨ અહીં પ્રસ્તુત છે. જેની આડી-ઉભી ચાવીઓ ભરશો. આપને આવતા અંકમાં સંગમયુગની શબ્દાવલી ભાગ - ૨૨ના જવાબો મળશે.

સંગમયુગની શબ્દાવલી ભાગ - ૨૨



શબ્દાવલી ભાગ - ૨૧ના જવાબોવાળું કોષ્ટક

1 રા	2 મા		3 ના	4 ગ	પા	5 ચ	6 મ		7 ન
8 ખ	જૂ	9 ર		ણે		10 લ	ચ્છુ	11 દા	દી
12 ડી	ન	ર		13 શ	14 ર	ણ		15 લ	ત
		ર		16 ચ	ણ		17 ક	બા	ટ
18 લો	19 ક		20 ભા	તુ		21 ચે	રી	ટી	
	22 પુ	23 રૂ	ષા	ર્થી		24 ક	બ		25 શ્રા
26 ન	ર	મ				ર		27 ના	વ
			28 જ	29 ના	30 અ		31 હ	ર	ણ
32 વિ	શ્વ	33 મ	હા	રા	જ	34 ન		દ	
ધા		સ્તી		35 જ	ન્મા	ષ્ટ	મી		36 લુ

આડી ચાવીઓ -

1. શ્રાધ્ધનો માસ (૪)
4. ઋણમુક્તિનો દિવસ (૫)
7. હીરો (૩)
8. રેતાળ પ્રદેશ (૨)
9. મોકો (૨)
10. સજા (૨)
11. ગુજરાતની એક નદી (૩)
13. મુક્તિ (૨)
14. જીતેજી મરના એટલે ...(૪)
15. ...વ્હાલનો દરિયો (૩)
18. બચ્ચે બાપદાદા કે ... હૈ (૭)
22. ગણેશ (૪)
23. ખ્યાતિ, નામના શ(૨)
24. બહુત ... થોડી રહી (૨)
26. ...બટ વન (૨)
28. બીજી સપ્ટેમ્બર - આદિ રત્નનો સ્મૃતિ દિવસ (૬)
30. માયા ... પૂરા ખા જાયેગી (૪)

ઉભી ચાવીઓ -

1. પરમાત્મ અવતરણનો દેશ (૩)
2. ગોદ લીધેલ, એડોપ્ટેડ (૩)
3. દોડનું અંગ્રેજી (૨)
4. કરજ, દેવુ (૨)
5. મુંબઈ (મહારાષ્ટ્ર)ની પ્રખ્યાત વાનગી (૪)
6. મોર (૩)
8. રક્ષણ, સંભાળ (૨)
10. 5મી સપ્ટેમ્બરનો દિવસ (૫)
12. ...સાથે દુવા (૨)
13. ભારતના પ્રધાનમંત્રીની અટક (૨)
16. દોરાનું પીલ્લુ (૨)
17. રૂની ઓઢવાની ગોદડી (૩)
19. તાજ - તિલક ...(૨)
20. આંખોને ગમે તેવું (૫)
21. મસ્ક, શીર્ષ (૨)
22. નભ, આભ, આકાશ (૩)
25. કિંમત આંકવી, વખાણ (૩)
26. મુરલી સાંભળી ચઢે રૂહાની...(૨)
27. સારા ... પઢાઈ પર હૈ (૩)
28. ...નહિ તો કલ, બિખરેંગે બાદલ (૨)
29. હીરો (૨)

મુદ્રા-કચ્છમાં જિંદલ કંપનીના આસિ. જનરલ મેનેજર ભ્રાતા કેયૂરભાઈને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. સુશીલાબેન.

અમદાવાદ નારોલ સેવાકેન્દ્ર દ્વારા પોલીસ સ્ટેશનમાં રક્ષાબંધન કાર્યક્રમમાં PI ભ્રાતા આર.એમ.ઝાલાને ઈશ્વરીય સૌગાત આપતા બ્ર.કુ. રંજનબેન અને બ્ર.કુ. સંધ્યાબેન.

ડીસામાં DySP ભ્રાતા કૌશલભાઈ ઓઝાને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. હસુમતીબેન.

બારડોલીમાં PSI ભ્રાતા નંદલાલભાઈ પ્રજાપતિને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. અરૂણાબેન.

ગાંધીનગર સેકટર-૩ના સેવાકેન્દ્રમાં ડેપ્યુટી સેક્રેટરી એગ્રીક્લ્ચર ફાર્મર વેલ્ફેર ભ્રાતા મહેન્દ્રભાઈને રાખડી બાંધતા બ્ર.કુ. સુનીતાબેન.

અમદાવાદ ઈસનપુર ખાતે વી.વી.પટેલ વિદ્યામંદિરના આચાર્યને ભ્રાતા જયેશભાઈ ઠક્કરને સૌગાત આપતા બ્ર.કુ. જાગૃતિબેન.

અંબાજીમાં BJPના પ્રમુખ ભ્રાતા ઈન્દરલાલ ગુર્જરને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. દીપિકાબેન.

કેશોદમાં રક્ષાબંધન સ્નેહમિલન કાર્યક્રમમાં સામાજિક કાર્યકર્તા ભ્રાતા હીરાભાઈ જોટવાને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. રૂપાબેન.

માળીયા હાટીનામાં મામલતદાર ભ્રાતા પ્રતાપસિંહ ગોહિલને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. મીતાબેન.

શહેરાના રક્ષાબંધન કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ ભ્રાતા રયજીભાઈ નાયક, ચીફ ઓફિસર ભગિની તેજલબેન, એડવોકેટ હસમુખભાઈ, ડૉ. નમ્રતાબેન, બ્ર.કુ.સુરેખાબેન, બ્ર.કુ. રતનબેન.

સુરત એરપોર્ટ પર CISFના જવાનોને રાખડી બાંધતા બાલાજી સેવાકેન્દ્રના બ્ર.કુ. ફાલ્ગુનીબેન.

સરભાણના મામલતદાર ડૉ. જે. ડી. પટેલને રક્ષાબંધન કરતા બ્ર.કુ. પ્રીતિબેન.

વટવા સેવાકેન્દ્રના 'રજતજયંતી સમારોહ' માં યુનિવર્સલ એન્જીનીયરીંગના ઑનર દશરથભાઈ, ડૉ. શશીપ્રકાશ ક્ષત્રિય, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. તારાબેન તથા અન્ય.

આફ્રિકા કિશાસામાં ભારતીય રાજદૂત મહામહિમ ભ્રાતા રામકરણ વર્માને રક્ષાબંધન બાદ સૌગાદ આપતાં બ્ર.કુ. કુંજુબેન.

મરોલીમાં આઝાદીના અમૃત મહોત્સવમાં 'હર ઘર ત્રિરંગા' અભિયાન અંતર્ગત ધ્વજવંદન કરતાં બ્ર.કુ.મુકેશબેન, બ્રહ્માવત્સો.

સુરત વરાછા સેવાકેન્દ્ર પર 'હર ઘર ત્રિરંગા' કાર્યક્રમનો શુભારંભ કરતાં શાળાના ટ્રસ્ટીગણ, આચાર્ય સાથે બ્ર.કુ. તૃપ્તિબેન.

વડોદરા મંગલવાડી સેવાકેન્દ્ર દ્વારા ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ વિકેટ કીપર ભ્રાતા કિરણ મોરેને રક્ષાબંધન કરતા બ્ર.કુ. સુનીતાબેન બાજુમાં બ્ર.કુ. વંદનાબેન.

રાજયોગી બ્ર.કુ. હરીશભાઇ શુક્લાને શ્રદ્ધાસુમન અર્પણ કરતા, બ્ર.કુ. ચંદ્રિકાદીદી, બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. નેહાબેન તથા લૌકિક પરિવાર

કચ્છ ભૂજના પ્રથમ નગરપતિ ભ્રાતા ઘનશ્યામભાઈ ઠક્કરને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. રક્ષાબેન.

ગોંડલ સ્ટેટના રાજકુમાર શ્રી કુમાર જયોતિર્મય સિંહજી હવામહેલને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ભાવનાબેન.

સાવલીના MLA ભ્રાતા કેતનભાઈ ઈનામદારને રક્ષાબંધન કરતા બ્ર.કુ. શારદાબેન.

પોરબંદરમાં MLA ભ્રાતા બાબુભાઈ તથા BJP જિલ્લા પ્રમુખ ભ્રાતા કિરીટભાઈને રક્ષાસૂત્ર બાંધ્યા બાદ વરદાન આપતાં બ્ર.કુ. લીનાબેન.

જૂનાગઢ પોલીસ તાલીમ ભવનમાં રક્ષાબંધન કાર્યક્રમમાં DIG ભ્રાતા બી.આર. પાંડોર, DySP ભ્રાતા એસ.એન.ગોહિલ, બ્ર.કુ. શીલાબેન, બ્ર.કુ. કોમલબેન, અન્ય સ્ટાફ તથા પોલીસકર્મીઓ.

વડોદરા મધ્યસ્થ જેલ ખાતે સમગ્ર સ્ટાફ તથા બંદીવાન ભાઈઓને રક્ષાબંધન કર્યા બાદ શુભકામનાની પ્રાર્થના કરતાં અલકાપુરી સેવાકેન્દ્રના બ્ર.કુ. જાનકીબેન તથા બ્રહ્માકુમાર ભાઈ-બહેનો.

Gyan Amrit Vol.15 | Issue 09 | September 2022| Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month.
Registered under Postal Registration No. AHD-C/21/2020-2022 Vaild up to 31st December-2022 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/HQ/109/2020-2022 valid up to 31st December 2022, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

આબુરોડ ખાતે BJP રાષ્ટ્રીય અધ્યક્ષ ભ્રાતા જે.પી. નડ્ડાનું સન્માન કરતાં સંયુક્ત પ્રશાસિકા બ્ર.કુ. મુન્નીબેન તથા બ્ર.કુ. મૃત્યુંજયભાઈ બાજુમાં મહાસચિવ બ્ર.કુ. બ્રીજમોહનભાઈ, અધિક મુખ્ય પ્રશાસિકા બ્ર.કુ. જયંતીબેન, બ્ર.કુ. પ્રકાશભાઈ.

નવસારી ખાતે મધ્યપ્રદેશ રાજ્યના મહામહિમ રાજ્યપાલ ભ્રાતા મંગુભાઈ પટેલને ઈશ્વરીય રક્ષાસૂત્ર બાંધતાં બ્ર.કુ. ગીતાબેન.

ગાંધીનગર ખાતે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભ્રાતા ભૂપેન્દ્રભાઈ પટેલને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. કૈલાસબેન તથા આત્મ સ્મૃતિનું તિલક કરતાં થલતેજ સેવાકેન્દ્રના બ્ર.કુ. આશાબેન.

રાજકોટ પંચશીલ પાર્ક ખાતે 'વ્યસન મુક્તિ અભિયાન' નિમિતે રાજયોગિની ભારતીદીદીને ઈન્ડીયા સ્ટાર વર્લ્ડ રેકોર્ડ આપી સન્માન કરતાં ગુજરાતના પરિવહન મંત્રી ભ્રાતા અરવિંદભાઈ રૈયાણી.

સુરત અડાજણ ખાતે ભારતીય જનતા પાર્ટીના ગુજરાતના પ્રમુખ ભ્રાતા સી.આર.પાટીલને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. હેતલબેન સાથે બ્ર.કુ. યોગેશભાઈ.

If Undelivered Please Return to Publishing Place :
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Publisher : Bharti Ranchhoddas Somaiya
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com